Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:7, Issue: 245 Dt.28-07-2022 (Thursday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-360001

# ગુજરાતની શ્વેતક્રાંતિએ મહિલા સશકિતકરણમાં મહત્વની ભૂમિકા ભજવી છે : વડાપ્રધાન




**સાબર ડેરી ખાતે રૂ. ૩૦૦ કરોડના ખર્ચે નવનિર્મિત પાઉડર પ્લાન્ટનું લોકાર્પણ કરતા મોદી**

**હિંમતનગર ખાતે અદ્યતન ચીઝ નિર્માણ પ્લાન્ટનું પણ ખાતમુર્હૂતઃ દુધ ઉત્પાદન ક્ષેત્રે અગ્રણી રહેલી મંડળીઓના મહિલા સંચાલકોનું પણ ખાસ સન્માન કરાયું**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ તા.૨૮

ગુજરાતમાં આગામી સમયમાં આવી રહેલી ધારાસભા ચૂંટણી પુર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજયના પ્રવાસના વધુ એક કાર્યક્રમમાં તેઓ આજે સાબર ડેરીમાં નવા ચીઝ પ્લાન્ટનું ખાતમુર્હૂત તથા ૧૨૫ કરોડના ખર્ચે દૈનિક ત્રણ લાખ કેપેસીટીના અલ્ટ્રા મોડેલ હાઈ ટ્રીટમેન્ટ ટેટ્રાપેક પ્લાન્ટનું તથા રૂ.૩૦૫ કરોડના ખર્ચે દૈનિક ૧૨૦ ટન કેપેસીટીમાં પાઉડર પ્લાન્ટનું લોકાર્પણ કર્યુ હતુ.

આ ઉપરાંત મોદી અહી દુધ ઉત્પાદન ક્ષેત્રે અગ્રણી રહેલી મંડળીઓના મહિલા સંચાલકોનું પણ ખાસ સન્માન કરાયું હતું અને જણાવ્યું હતું કે ગુજરાતની શ્વેતક્રાંતિએ મહિલા સશકિતકરણમાં મહત્વની ભૂમિકા ભજવી છે. આજે વડાપ્રધાન અમદાવાદ આવી પહોંચતા રાજયપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે સ્વાગત કર્યુ હતું. બાદમાં મોદી ખાસ હેલીકોપ્ટર મારફત હિંમતનગર જવા રવાના થયા હતા. મોદી આવતીકાલે ફરી એક વખત ગુજરાત આવી રહ્યા છે તથા ગાંધીનગરમાં ગીફટ સિટીમાં આંતરરાષ્ટ્રીય બુલીયન એકસચેંજનો પ્રારંભ કરાવશે. આજે સાંજે તેઓ અમદાવાદથી સીધા ચેન્નઈ પહોંચીને વિશ્વ ચેસ ચેમ્પિયનશિપનો પ્રારંભ કરાવશે.

આ પ્રસંગે વડાપ્રધાને જનતાને સંબોધતા કહ્યું હતું કે જે જે નવા પ્લાન્ટોનું લોકાર્પણ થયું છે અને જેનું ભૂમિપૂજન થયું છે એ સાબર ડેરીના સામર્થ્યને વધારવામાં મદદ કરશે. હું સાબર ડેરી અને આ આંદોલન સાથે જોડાયેલા તમામને હ્રદયપૂર્વક અભિનંદન આપું છું. પીએમે જનતાને ગુજરાતીમાં કહ્યું હતું કે જ્યારે સાબર ડેરીની વાત આવે અને ભૂરાભાઈની યાદ ન આવે તો વાત અધૂરી રહી જાય. ભૂરાભાઈ પટેલે દસકા પહેલા જે પ્રયાસ શરૂ કર્યો હતો, એ આજે લાખો લોકોનું જીવન બદલવામાં મદદ કરી રહ્યો છે. અહિં સાબરકાંઠામાં આવીએ એટલે કાંઈ નવું ન લાગે પણ રોજ કાંઈક નવું થતું દેખાય. સાબરકાંઠામાં કદાચ કોઈક જ એવો ભાગ હશે જ્યાં મારું જવાનું ન થયું હોય. ઈડર વડાલી ખેડના અવાજ હું આવું એટલે મારા કાનમાં ગુંજે છે.

પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં

(અનુ.પાના નં.૪ ઉપર)

## લઠ્ઠાકાંડ મામલે ગૃહવિભાગની મોટી કાર્યવાહી

# ડીવાયએસપી, પીઆઈ સહિત ૮ ઓફીસરો સસ્પેન્ડ

**બોટાદના એસપી કરણરાજ વાઘેલાની બદલીઃ ૭ આરોપીઓને આજે કોર્ટમાં રજૂ કરાશે**




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૨૮

કથિત લઠ્ઠાકાંડમાં અત્યાર સુધીમાં ૫૭ લોકોના મોત થયા છે. જે બાદ હવે સરકાર એક્શનમાં આવી છે. ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આ મામલે કડક કાર્યવાહી હાથ ધરી છે, જેમા બોટાદના એસપી કરણરાજ વાઘેલા અને અમદાવાદ ગ્રામ્યના એસપી વિરેન્દ્રસિંહ યાદવની પણ બદલી કરવામાં આવી છે. જ્યારે બોટાદ અને ધોળકાના ડીવાયએસપીને સસ્પેન્ડ કરાયા છે. સાથે જ ધંધુકાના પીઆઇ કે.પી.જાડેજાને પણ સસ્પેન્ડ કરાયા છે. DySP, ઈન્સ્પેક્ટર સહિત ૮ ઓફિસરો સસ્પેન્ડ કરાયા છે. આજે વધુ ૭ આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. પોલીસ દ્વારા ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવશે. ૨૫ જુલાઈને સોમવારે બરવાળાના રોજિદ ગામમાં લઠ્ઠાકાંડથી પહેલું મોત નોંધાયું હતું. ત્યારબાદ ધીરે-ધીરે મોતના આંકડામાં વધારો થયો હતો ને ૨૬ તારીખ ને મંગળવારે મૃત્યુઆંક ૫૫ હતો. જ્યારે ગઈકાલે વધુ બે વ્યક્તિના મોત નિપજ્યા હતા, એમ અત્યાર સુધીમાં કુલ ૫૭ લોકોના મોત થયા છે. બરવાળા તાલુકાના રોજિદ ગામમાં જ ૧૨ જણાં મૃત્યુ પામ્યા હતા. જ્યારે રાણપુર તાલુકાના ૮ લોકો નશો કરવા જતાં મૃત્યુના મુખમાં ધકેલાયા હતા. લઠ્ઠાકાંડના મૃતકોમાં ૨ મહિલાનો પણ સમાવેશ થાય છે.

બનાવની જાણ થતાં જ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા જ્યારે આ બનાવ અંગે સુભાષકુમાર ત્રિવેદી આઈપીએસ એસઆઈટીની રચના કરી તપાસ હાથ ધરી ધમધમાટ કરી દેવામાં આવ્યો હતો. ઝેરી દારૂના કારણે ૪૮ કલાકમાં ૫૭ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. બીજીતરફ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી જણાવ્યું કે, હજુ ૯૭ લોકો સારવાર હેઠળ છે. બરવાળા કેમિકલ કાંડના મુખ્ય આરોપી ગજુબેન વડોદરિયા અને પિન્ટુ ગોરહવાને બરવાળા કોર્ટમાં રજૂ કરાયા હતા. પોલીસે બંને આરોપીના ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી જેકે કોર્ટે ૬ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે.

દારૂના વેચાણનું સેટિંગ કરાવવા મહિલા એએસઆઇ યાસ્મિન જગરેલાની કથિત ઓડિયો કિલપ વાઇરલ થતાં બોટાદ જિલ્લા પોલીસ અધિક્ષકે એએસઆઇ યાસ્મિન જગરેલાને તાત્કાલિક અસરથી બરવાળા પોલીસ મથકથી સસ્પેન્ડ કરી દઈ બોટાદ હેડ ક્વાર્ટરમાં બદલી કરી છે.

## ઈડીના અધિકારીઓએ અર્પિતા મુખર્જીના વધુ એક ફલેટમાં દરોડા પાડતા

# ૩૦ કરોડ રોકડા, ૨ કરોડનું સોનું, ૭૮ લાખની જવેલરી, દસ્તાવેજો મળ્યા



**ચાર મશીનોથી રૂપિયા ગણી-ગણીને અધિકારીઓ થાકી ગયા**

**(એજન્સી સમાચાર)**
કોલકાતા, તા.૨૮

પશ્ચિમ બંગાળના મંત્રી પાર્થ ચેટજીર્ની નજીકની ગણાતી અભિનેત્રી અર્પિતા મુખજીર્ના ફ્લેટમાં પહેલા ઈડીએ દરોડા પાડતા અધધધ ૨૧ કરોડ રૂપિયાથી વધુ રકમ મળી આવી હતી ત્યારે આ અભિનેત્રીના બેલધારિયા સ્થિત અન્ય ફ્લેટમાં ઈડીએ દરોડા પાડતા ત્યાંથી ૩૦ કરોડ રૂપિયાની રોકડ રકમ કબાટમાં ઠસોઠસ ભરેલી મળી આવી હતી.

અર્પિતા મુખજીર્ના જુદા જુદા ફ્લેટમાં પડેલા દરોડામાં મળેલી બેહિસાબ રકમ ૫૦ કરોડથી વધુ થઈ ગઈ છે. અન્ય કરોડો રૂપિયાના હીરા-ઝવેરાત કે એસ્ટેટ પ્રોપર્ટીની રકમ તો અલગ છે. પશ્ચિમ બંગાળના મંત્રી પાર્થ ચેટર્જી અને તેની નજીકની અભિનેત્રી અર્પિતા મુખજીર્ની પુછપરછમાં મળેલી કડીના આધારે ઈડીની ટીમોએ બુધવારે ચાર અલગ અલગ સ્થળે દરોડા પાડયા હતા. કોલકાતામાં આવેલા ફ્લેટમાં ૩૦ કરોડ જેટલી રોકડ રકમ અને અધધધ પાંચ કિલો જેટલું સોનું મળી આવ્યું છે. ૧૧ કલાક ચાલેલી દરોડા કાર્યવાહી ગુરૂવારે સાડા પાંચ વાગ્યે પુરી થઈ હતી. દરોડા દરમિયાન રોકડ, સોના સિવાય કેટલાક દસ્તાવેજો પણ જપ્ત કરાયા હતા. ઈડીના અધિકારીઓએ ચલણી નોટો લોખંડના ૧૦ બોક્સમાં ભરીને લઈ જવી પડી હતી. અર્પિતાના બેલધરિયાવાળા ફ્લેટમાંથી કુલ ૩૦ કરોડની રોકડ તેમજ સોના અને જમીનના દસ્તાવેજો મળ્યા છે તેની કિંમત ૨ કરોડ રૂપિયા છે. જયારે જવેલરીની કિંમત લગભગ ૭૮ લાખ રૂપિયા. આ દરોડામાં અર્પિતાના ફ્લેટમાંથી વિદેશી ચલણ પણ મળી આવ્યું હતું. અર્પિતાના ફ્લેટમાંથી મળેલા કાળા-બે હિસાબ ધનના પરિવહન માટે ટ્રકની મદદ લેવાઈ હતી.(૯)

# મંકીપોકસના જીવતા વાયરસને શોધવામાં ભારતીય વૈજ્ઞાનિકોને સફળતા

## પુના સ્થિત નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ વાયરોલોજીની ટીમે એક જ પખવાડીયામાં સિદ્ધિ મેળવી




**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૨૮

વિશ્વમાં કોરોનાની ચિંતા હળવી થઈ રહી છે ત્યાં જ હવે મંકીપોકસની ચિંતા વધવા લાગી છે. જો કે આ વાયરસ હજું મર્યાદીત રીતે જ જોવા મળ્યા છે પણ તે આગળ વધે તે પૂર્વે જ કેન્દ્ર સરકાર એકશનમાં આવી ગઈ છે અને પુના સ્થિત નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ વાયરોલોજીની ટીમ દ્વારા એક પખવાડીયાના સતત પ્રયાસો બાદ લેબમાં મંકીપોકસ વાયરસને જીવતો શોધવામાં સફળતા મેળવી છે અને હવે તેના આધારે વાયરસની તપાસ કીટ (કોરોના ટેસ્ટીંગ માફક) તથા ઈલાજ અને ભવિષ્યની વૈકલ્પિક બનાવવામાં ખૂબ જ સરળતા રહેશે.

પુના સ્થિત આ ઈન્સ્ટીટયુટ દ્વારા ગત તા.૧૪થી આ માટે સેમ્પલીંગ શરૂ કરાયા હતા જેમાં આ વાયરસથી સંક્રમીત એક વ્યક્તિના સેમ્પલમાંથી મંકીપોકસના વાયરસને આઈસોલેટ જીવતોજ અલગ કરવામાં સફળતા મેળવી છે અને તેથી હવે આ વાયરસની મદદથી સૌ પ્રથમ મંકીપોકસની તપાસ માટે ટેસ્ટ-કીટ તૈયાર કરાશે. જેથી કોઈ વ્યક્તિને આ વાયરસનું સંક્રમણ હોય તો જેમ કોરોનામાં એન્ટીજેન તથા આરટીપીસીઆર ટેસ્ટ કીટ તૈયાર થઈ હતી તથા ટેસ્ટીંગની પ્રક્રિયા નિશ્ચિત થઈ હતી તે પ્રમાણે આ વાયરસની વ્યક્તિના શરીરમાં મૌજૂદગી અંગે નિશ્ચિત થઈ શકશે.

(અનુ.પાના નં.૪ ઉપર)

# વેસ્ટ ઈન્ડિઝમાં ટીમ ઈન્ડિયાની ધમાલ

## વિન્ડિઝને ભારતમાં 3-0થી કચડ્યા બાદ હવે તેના આંગણે જ 3-0થી હરાવી રચ્યો ઈતિહાસ




**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૨૮

શિખર ધવનના નેતૃત્વવાળી ભારતીય ટીમે ત્રણ મેચની વન-ડે શ્રેણીની અંતિમ મેચ ૧૧૯ રને જીતીને ઈતિહાસ રચી દીધો છે. ભારતે ૧૯૮૩થી વેસ્ટ ઈન્ડિઝની ધરતી પર દ્વિપક્ષીય વન-ડે મેચ રમવાનું શરૂ કર્યું હતું. ત્યારથી લઈ આ શ્રેણી પહેલાં સુધી કોઈ પણ ભારતીય ટીમ વન-ડેમાં વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ કિલનસ્વિપ કરી શકી નહોતી. જો કે ધવનના નેતૃત્વવાળી ટીમે 3-0થી વન-ડે શ્રેણીમાં વિન્ડિઝના સુપડા સાફ કરતાં ૩૯ વર્ષ બાદ આવું કારનામું કરી બતાવ્યું છે.

શુભમન ગીલના અણનમ ૯૮ રન અને પછી સ્પિનર યુઝવેન્દ્ર ચહલ, ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજ

(અનુ.પાના નં.૪ ઉપર)

**ગુજરાતમાં ૫૫ ડેમ હાઈએલર્ટ પર, નર્મદા ડેમની સપાટી ૨૪ કલાકમાં ૧૩૦.૮૬ મીટરે પહોંચી; સૌરાષ્ટ્રના ૧૩, કચ્છના ૧૩, દક્ષિણ ગુજરાતના ૭ ડેમ છલોછલ**

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

# ઓગસ્ટ મહિનામાં તહેવારોના કારણે ૧૭ દિવસ બંધ રહેશે બેંકો

## રવિવાર, ૧૫ ઓગસ્ટ, જન્માષ્ટમી વગેરે કારણોસર બેંકો બંધ

**(એજન્સી સમાચાર)**
મુંબઇ, તા.૨૮

રિઝર્વ બેન્કે બેન્કોની રજાની સત્તાવાર જાહેરાત કરી છે. જે મુજબ શ્રાવણ મહિનામાં શનિવાર રવિવાર ઉપરાંત અન્ય તહેવારો આવતા હોવાથી આખા મહિના દરમિયાન ૧૭ દિવસ સુધી બેન્કો બંધ રહેશે. ૧૭ દિવસ સુધી બેન્કો બંધ રહેવાની હોવાથી લોકોને તહેવારો સમયે જ આર્થિક વ્યવહારો કરવામાં મુશ્કેલી પડવાની શક્યતા છે.

ઓગસ્ટ મહિનામાં અનેક તહેવારો આવે છે. જેમાં મુખ્યત્વે રક્ષાબંધન, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, પારસીનું નવું વર્ષ તેમજ સ્વતંત્રતા દિવસનો સમાવેશ થાય છે. આ તમામ દિવસોએ બેન્કોમાં સંપૂર્ણ રજા રહેશે. જેથી આ દિવસો દરમિયાન બેન્કોમાં કિલયરિંગ, રોકડનો જમા-ઉપાડ, ટ્રાન્સફર સહિતના આર્થિક વ્યવહારો પ્રભાવિત થશે.

તા.૭, ૧૪, ૨૧, ૨૮મીએ રવિવારની રજા રહેશે. ૧૫મીએ સ્વતંત્રતા દિવસની રજા રહેશે. ૧૮મીએ ભુવનેશ્વર, કાનપુર સહિતના શહેરોની અને ૧૯મીએ ગુજરાત, ભોપાલ સહિતની બેંકો જન્માષ્ટમી નિમિત્તે બંધ રહેશે. ૩૧મીએ ગણેશ ચતુર્થીની રજા રહેશે.

કયા દિવસે બેન્કો બંધ રહેશે તેની યાદી રિઝર્વ બેન્કની સત્તાવાર વેબસાઈટ પર મુકવામાં આવી છે. જો કે આ રજાઓ રાજય પ્રમાણે અલગ અલગ લાગુ પડશે. બેન્કિગ રજાઓ પણ વિવિધ રાજયોમાં ઉજવાતા તહેવારો અથવા જે તે રાજયોમાં વિશેષ પ્રસંગોની સૂચના પર આધારીત છે.(૯)

# હિમાચલ પ્રદેશમાં આજથી ભારે વરસાદનું ઓરેન્જ



## મુશળધાર વરસાદ લાંબા સમય સુધી રહેશે

**(એજન્સી સમાચાર)** શિમલા/ધર્મશાલા, તા.૨૮: હિમાચલ પ્રદેશમાં ગત રાત્રીથી જ ભારે વરસાદ પડી રહ્યો છે, જેના કારણે નદી નાળાઓ ઉભરાઈ રહ્યા છે. હવામાન વિભાગે આજથી રાજ્યમાં ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જેના કારણે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તોફાની પવન સાથે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના ડાયરેક્ટર સુરેન્દ્ર પાલનું કહેવું છે કે ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં ચોમાસું આ જ રીતે સક્રિય રહેશે.

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




## આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ | saurashtrakrant
SAURASHTRAKRANTI | SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

## WhatsApp કરો

### તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઇપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

## પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

## જાહેરાત માટે સંપર્ક કરો:

**90333 44426**




## આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે **94097 57062** પર ફોન કરો અથવા મેસેજ કરો.

# રક્ષાબંધનના પર્વને લઈને બજારમાં અવનવી રાખડીઓએ જમાવ્યું આકર્ષણ


(તસવીરઃ રાજેશ ભટ્ટી)



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટઃ ભાઈબહેનના પવિત્ર સંબંધનો પર્વ રક્ષાબંધને ગણતરીના દિવસો જ બાકી છે. ત્યારે બજારોમાં અવનવી રાખડીઓનું બજાર ઉભરાયું છે. આ વખતે મોતી અને સ્ટોન વાળી રાખડી ઉપરાંત જયપુરી ડાયમંડની રાખડીનું વધુ વેચાણ થઈ રહ્યું છે. શ્રાવણ સુદ પૂનમ એટલે રક્ષાબંધન. આ દિવસે બહેન ભાઇને રાખડી બાંધી તેના દીર્ઘાયુની કામના કરતી હોય છે. પહેલા રાખડીના સુતરના ગોટા જોવા મળતા પરંતુ સમય બદલાતા તેમાં સ્ટોન, મોતી, રૂદ્રાક્ષ અને ડાયમંડ જેવી અવનવી વેરાયટી જોવા મળી રહી છે. તો આ વર્ષે જયપુરી ડાયમંડની ડિઝાઇવાળી રાખડીએ આકર્ષણ જમાવ્યું છે. સાથે સાથે ફોટાવાળી રાખડીઓની પણ બજારમાં માગ છે. નાના બાળકો માટે કાર્ટુનવાળી રાખડીની સાથે સાથે લાઇટીંગ અને મ્યુઝીક વાળી રાખડીઓ પણ મોટા પ્રમાણમાં વેચાઈ રહી છે. તો સુતરના ગોટાની રાખડી તો એવરગ્રીન છે. રાજસ્થાન સહિત કેટલાક રાજ્યોમાં ભાઇની સાથે ભાભીને પણ રાખડી બાંધવાનો રિવાજ છે. અને હવે આ રિવાજ ગુજરાતીઓમાં પણ શરૂ થયો છે. આ રાખડીને લૂંબા રાખડી કહે છે. અન્ય રાખડીઓ કરતાં લૂંબા રાખડી લોકોનું સીધું ધ્યાન ખેંચે છે. વધતી જતી મોઘવારીની અસર રાખડીના ભાવ પર પણ પડી છે. મજૂરી અને રો મટીરીયલ્સના ભાવમાં વધારો થતા પાછલા વર્ષની સરખામણીમાં આ વર્ષે રાખડીઓની કિંમતમાં પાંચ ટકાનો વધારો થયો છે.

### સરગમ ક્લબ અને કમાણી ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે

## દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પનું આયોજન

**કેમ્પનો લાભ લેવા ઈચ્છુક દર્દીઓએ તા.૧ ઓગસ્ટના સ્થળ પર હાજર રહેવુંઃ દર્દીઓએ પોતાનું ઓળખ પત્ર તેમજ ડોકટરના સર્ટિફિકેટની ઝેરોક્ષ સાથે લાવવી**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

સાંસ્કૃતિક, સામાજિક અને તબીબી ક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ કલબ શહેરમાં જયપુર ફૂટ કેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે તા.૧ થી તા.૩ ઓગસ્ટ સુધી જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોકટરનું વિકલાંગ સર્ટિફિકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવશે. આ કેમ્પ તા.૧ થી તા.૩ ઓગસ્ટના રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા. ૧ ઓગસ્ટના રોજ સવારે સવારે ૮:30 કલાકે સરગમભવન, જામટાવર રોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ (ફોન નં. ૦૨૮૧-૨૪૫૭૧૬૮) ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોય તેઓએ પણ તા.૧ઓગસ્ટના રોજ ઉપસ્થિત રહેવું. આ કેમ્પ ત્રણ દિવસ ચાલશે; પણ દર્દીઓએ ખાસ તા.૧ ઓગસ્ટના રોજ સવારે ૮:30 કલાકે રૂબરૂ આવી જવું અને નામ નોંધાવી દેવું.આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનના માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને આ કેમ્પમાં કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણીનો સહયોગ મળેલ છે. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

### બ્રહ્મસમાજના ત્રણ યુવાનોએ વાવેલું બીજ બન્યું વટવૃક્ષ

## 'હેવ વિથ હેપીનેશ' સંસ્થાને સાત વર્ષ પૂર્ણ



### છેલ્લા ૭ દિવસમાં ૪૭ મેડિકલ કેમ્પ યોજાયા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

'હેવ વિથ હેપીનેશ' સંસ્થા રાજકોટ ખાતે આજથી સાત વર્ષ પહેલા બ્રહ્મસમાજના ત્રણ યુવકો નિશ્ચલ જોષી, મેહુલ ધોળકીયા તથા નૈમિષ કનૈયા દ્વારા સ્થાપવામાં આવી હતી. ત્યારથી સતત સેવામાં રહી અને સાત વર્ષ પૂર્ણ કરેલા છે.

રાજકોટના હાર્દસમા કિશાનપરા ચોકમાં સૌથી પહેલા પરશુરામ જન્મોત્સવની સ્થાપના હેવ વીથ હેપીનેશ દ્વારા કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લાના ગામડાઓમાં ભયજનક સ્થિતિ સર્જાઈ ત્યારે સ્થાનિક સંસ્થાઓ સાથે મળી સેવાના કામ પૂર્ણ કરતા હતા.

શાળા નં. ૫૯ માં બાળકો માટે ભોજન અને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવે છે. તદ્ઉપરાંત સરકારી શાળાઓમાં બાળકોને ચોપડા વિતરણ અને એજયુકેશન કીટ આપવામાં આવી હતી. કોરોના મહાકાળ સમયમાં અન્ય સંસ્થાઓ સાથે જોડાઈને સિવિલ હોસ્પિટલમાં ત્રણ મહિના સતત પ્રસાદ રૂપે ભોજન પુરૂ પાડવામાં આવ્યું હતું. છેલ્લા સાત વર્ષમાં ૪૭ મેડીકલ કેમ્પ યોજવામાં આવ્યા હતા. જેમાં અત્યારે ૭,૦૦૦ થી ઉપરના દર્દીઓને દર મહિને દવા ફ્રીમાં આપવામાં આવે છે. આ મેડિકલ કેમ્પમાં બજરંગ મિત્ર મંડળ, સી.જે. ગ્રુપે ખૂબ મદદ કરી હતી. બે મોટા પ્રોજેકટ રાજકોટમાં કરવામાં આવ્યા, જેમાં 'અવની - સેવ ધ અર્થથ'જેમાં લગભગ ૮,૦૦૦ ઉપર વૃક્ષો વાવવામાં આવ્યા અને બીજા પ્રોજેકટમાં 'શિવ આજ્ઞા એક જવાબદારી' માં રાજકોટમાંથી કોઈપણ બહેન- દિકરીઓને કોઈપણ પરિસ્થિતિમાં પ્રોબ્લેમ થતા હેવ વીથ હેપીનેશ એન.જી.ઓ. સતત મદદમાં રહે છે.

હેવ વીથ હેપીનેશ એન.જી.ઓ.નું સન્માન રાજકોટની નામાંકીત સંસ્થાઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

### કાયદો–વ્યવસ્થા મુદ્દે કરાઈ વિસ્તૃત ચર્ચા

## ગ્રેટર ચેમ્બરના હોદ્દેદારો જેસીપીની મુલાકાતે

**ટ્રાફિક સમસ્યા સહિતના મુદ્દે ટૂંક સમયમાં પોલીસ અને વેપારીએ વચ્ચે ખાસ બેઠક યોજવા નિર્ણય**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્સ્ટ્રીઝના હાલમાં સર્વાનુમતે વરણી પામેલ હોદેદારો પ્રમુખ રાજીવભાઈ દોશી, મંત્રી ઉપેનભાઈ મોદી, ચેરમેન ધનસુખભાઇ વોરા, ઉપપ્રમુખો ઈશ્વરભાઈ બાંભોલિયા, રમેશભાઈ ઝાલાવાડીયા, સહમંત્રી સુનીલભાઈ ચોલેરાએ રાજકોટના કાયદો અને વ્યવસ્થા માટે હમેશા પોલીસ વિભાગમા રજૂઆતો કરે છે. વેપાર અને ઉધ્યોગના વિકાસ માટે સરકારી અધિકારો સાથે ચર્ચાઓ, વાર્તાલાપ અને સેમિનારનું આયોજન કરતું હોય છે. સરકારી અધિકારીઓ અને જવાબદાર વિભાગો સાથે તાલમેલ કરતું હોય છે.

તેના ભાગરૂપે જોઈન્ટ કમિશનર ઓફ પોલીસ ખુર્શીદ એહમદ શુભેચ્છા મુલાકાત કરી હતી.

આ મુલાકાતમાં રાજકોટ માટે જરૂરી પ્રશ્નોની ચર્ચાઓ પણ કરી હતી. જેમકે સોની બજારના વેપારીઓને ત્યાં બંગાળી અને નેપાળી કારીગરો દ્વારા સોનું હડપી ભાગી જવાના બનાવો વધુ બનવા લાગ્યા છે ત્યારે આ અંગે જરૂરી તમામ પગલાં અને કડકાઈથી અમલ કરવા રજૂઆત કરવામાં આવી હતી.

આ માટે જેસીપી ખુર્શીદ એહમદએ ખાતરી આપી હતી કે ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ ગમે ત્યારે જરૂરી કોઈપણ પ્રશ્ન માટે અમોને મળી શકે છે.

આ મુલાકાત સમયે નવ નિયુકત હોદેદારોએ આ ઉપરાંત શહેરના વધતા ટ્રાફિકના પ્રશ્નો અને કાયદો વ્યવસ્થા સુદ્રઢ બનાવવા અને લોકો સુનિશ્ચિત બનીને રહે તે માટેના પ્રયત્નો કરવા અને ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ આ માટે સહકાર આપશે. ટૂંક સમયમાં પોલીસ વિભાગ સાથે એક વ્યવસ્થિત મિટિંગનું આયોજન કરશે.

### રાષ્ટ્રધ્વજની ગરિમા જળવાઈ તે બાબતને સુનિશ્ચિત કરવા અધિકારીઓને સુચન

## 'હર ઘર તિરંગા' અભિયાનના અમલીકરણ અર્થે કલેકટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

**તા. ૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન જિલ્લાની સરકારી કચેરીઓ, શાળાઓ, ઔધોગિક એકમો સહિતની ખાનગી સંસ્થાઓને રાષ્ટ્રધ્વજ લહેરાવવા કલેકટરનો અનુરોધ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

આઝાદ ભારતના ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી યાદગાર રહે તે માટે આઝાદી કા અમૃત મહોત્સવ હેઠળ તા. ૧૩ થી તા.૧૫ ઓગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા અભિયાન' યોજાનાર છે. આ અભિયાનના સુચારૂ અમલીકરણ અર્થે જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

આ બેઠકમાં કલેકટરએ જણાવ્યું હતું કે, હર ઘર તિરંગા અભિયાન રાષ્ટ્રપ્રેમની ભાવનાને વ્યક્ત કરવાનો અવસર છે. આ અવસરને ઝીલીને રાષ્ટ્રધ્વજને આન-બાન-શાન સાથે સરકારી કચેરીઓ, ખાનગી સંસ્થાઓ, ઔધોગિક એકમો, સ્કૂલ-કોલેજો, દુકાનો, રેલ્વે સ્ટેશનો, પોલીસ સ્ટેશનો, જાહેર સ્થળો, સરકારી કર્મચારીઓ અને દરેક નાગરીકે પોતાના ઘર ઉપર ફરકાવવા જોઈએ. આ ઉપરાંત રાષ્ટ્રધ્વજની ગરિમા જળવાઈ રહે તેનું ખાસ ધ્યાન રાખીને રાષ્ટ્રધ્વજ લહેરાવવા કહ્યું હતું. તેમજ ૧૫ ઓગસ્ટના સાંજે તિરંગાને વ્યવસ્થિત રીતે ફોલ્ડ કરીને ઘરમાં સાચવી રાખીને જાગૃત-જવાબદાર નાગરીકની ફરજ બજાવવા કહ્યું હતું.

આ સાથે વધુને વધુ નાગરિકો હર ઘર તિરંગા અભિયાનામાં જોડાઈ તે માટે સોશિયલ મીડિયામાં 'સેલ્ફી વીથ નેશનલ ફ્લેગ' જેવા કેમ્પેઈન યોજવા કલેકટરએ સુચન કર્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર આશિષ કુમાર, એ.આર. સિંઘ, નિવાસી અધિક કલેકટર કેતન ઠક્કર, પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, રાજકોટ ગ્રામ્ય પોલીસ વિભાગના અધિકારી સહિતના સંબંધિત વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

### 'જી હીત પાર્ક' સોસાયટી દ્વારા ડેપ્યુટી એન્જીનિયરને કરાઈ રજૂઆત

## સોસાયટીની ડ્રેનેજ લાઈન RMCની ડ્રેનેજ લાઈન સાથે જોડવા માંગ



**છેલ્લા એક મહિનાથી ભૂગર્ભ ગટર ઓવરફ્લો થઈ હોવા છતાં કોઈ યોગ્ય નિકાલ નહીં**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૮

માધાપર ચોકડી સ્વામિનારાયણ મંદિરની પાછળ આવેલી 'જી હીત પાર્ક' સોસાયટીની ડ્રેનેજ લાઈન આરએમસીની ડ્રેનેજ લાઈન સાથે જોડી આપવા માટે મ્યુ. કોર્પોરેશનના ડ્રેનેજ શાખાના ડેપ્યુટી એન્જીનિયરને સોસા. દ્વારા લેખિતમાં રજૂઆત કરવામાં આવી હતી.

રજૂઆતમાં જણાવ્યું છે કે, સોસાયટીની ડ્રેનેજ લાઈન છેલ્લા એક મહિના કરતાં પણ વધુ સમયથી ચોકઅપ થઈ જતાં સોસાયટીના લોકોને ઘણીખરી હાલાકીઓનો સામનો કરવો પડે છે. આરએમસી દ્વારા ત્રણેક વખત જેટીંગ મશીનથી કોશીશ કરવા છતાં પણ લાઈન કલીયર થતી નથી. જેને પરિણામે આખી સોસાયટીમાં ગંદકીનો ખૂબ જ મોટા પ્રમાણમાં ફેલાવો થાય છે. આવી પરિસ્થિતિમાં રહેવું ખૂબ જ કઠીન થઈ ગયેલ છે. અનેકવાર ઓનલાઈન ફરિયાદ ડ્રેનેજ શાખામાં જઈને રૂબરૂ ફરીયાદ તેમજ ડ્રેનેજ શાખાના અધિકારીઓ દ્વારા સ્થળ નિરીક્ષણ કરવા છતાં પણ આ ગંભીર સમસ્યાનો આજ દીવસ સુધી કોઈ યોગ્ય ઉકેલ આવ્યો નથી.આથી સોસાયટીની ડ્રેનેજ લાઈન કોઈપણ સંજોગોમાં આરએમસીની ડ્રેનેજ લાઈન સાથે જોડી આપવા આપને વિનંતી કરીએ છીએ. જેથી આ વિકટ પરિસ્થિતિમાંથી વહેલીતકે બહાર આવી શકાય. તેમ જણાવ્યું છે.(૧૩)

### લાયન્સ કબલ ઓફ સિલ્વર રાજકોટ દ્વારા કરાયું આયોજન

## રવિવારે અંધાપા નિવારણનો નિઃશુલ્ક નિદાન કેમ્પ



**ડો. જનક મહેતા એસ્ટ્રોન ચોક ખાતે કેમ્પનું આયોજનઃ દર્દીઓએ મો. નં.૬૩૫૨૫ ૪૪૩૦૮ પર નામ નોંધણી કરાવવી**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

રાજકોટની સર્વ શ્રેષ્ઠ સેવાકીય પ્રવૃત્તિ કરતી લાયન્સ કલબ ઓફ સિલ્વર રાજકોટ દ્વારા અને સરલાબેન વી. મહેતા પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી અંધાપા નિવારણનો કાર્યક્રમ નિઃશુલ્ક નિદાન કેમ્પ તા.૩૧ જુલાઈ રવિવાર સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન ડો. જનકભાઈ મહેતા ઉમિયા મોબાઈલની બાજુમાં એસ્ટ્રોન ચોક ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

લાયન્સ કલબ ઓફ રાજકોટ સિલ્વરના પ્રમુખ લાયન અંકિતભાઈ અનડકટએ જણાવ્યું હતું કે આ અંધાપાનો રોગ ઉંમરના કારણે તેમજ ડાયાબિટીસનું પ્રમાણ ખૂબ વધુ હોવાના કારણે અંધાપાનો રેશિયો ખૂબજ ઊંચો રહ્યો છે. જેને ધ્યાને લઈ લાયન્સ કલબ દ્વારા જરૂરિયાતમંદ દર્દીઓ માટે અંધાપા નિવારણનો કેમ્પ રાખવામાં આવેલ છે. ખાસ કરીને અંધાપો ડાયાબિટીસ તથા ઉંમરના કારણે પડદાના ઘસારાના કારણે થતો હોય છે. આવા દર્દીઓ માટે રાહતદરે OCT, લેઝર અને ઇન્જેકશનના કેમ્પનું આયોજન તેમજ નીઃ શુલ્ક નિદાન કેમ્પ રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં જાણીતા આંખના સર્જન ડોક્ટર જનકભાઈ મહેતા તથા રેટીના સ્પેશિયાલિસ્ટ ડો. પ્રજ્ઞ મહેતા સેવા આપશે. ઉપરાંત જરૂરિયાતમંદ દર્દીઓની ડાયાબિટીસ તેમજ લોહીની તપાસ એક્યુરેટ લેબના નિતેશભાઇ મજીઠીયા દ્વારા કરી આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે લાયનરીજીયોન ચેરપર્સન લાયન અનવરભાઈ ઠેબા તેમજ ઝોન ચેરપર્સન લાયન રેશમાબેન સોલંકી ખાસ ઉપસ્થિત રહેશે.

આ અંધાપા નિવારણ કાર્યક્રમને સફળ બનાવવા લાયન્સ કલબ ઓફ રાજકોટ સિલ્વર પરિવારના તમામ મેમ્બરો જહેમત ઉઠાવી રહ્યા છે.

વધુમાં અનડકટ જણાવે છે કે, અંધાપા નિવારણ કેમ્પમાં ભાગ લેનાર દર્દીઓને અગાઉથી મો. ૬૩૫૨૫ ૪૪૩૦૮ ઉપર નામ નોંધણી કરાવવાની રહેશે. તેમજ દર્દીઓએ તેમના આંખના નિદાનના જુના રિપોર્ટ લાવવા ફરજીયાત રહેશે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)





અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા–કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

## તંત્રી સ્થાનેથી...

### આજે ૨૮ જૂલાઈ, વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ

જળ, જંગલ, જમીન, જનાવર આ ચારેય વગર કુદરતની કલ્પના કરવી અશક્ય છે. જંગલ છે તો વન્ય જીવ છે. જળ છે તો જળીય જીવોનું અસ્તિત્વ છે અને આપણા માટે તો જળ એ જ જીવન છે. વિશ્વમાં સૌથી સમૃદ્ધ દેશ એ જ છે જ્યાં જળ, જંગલ, જમીન અને જનાવર પર્યાપ્ત માત્રામાં હોય. આપણો દેશ નદીઓ, જંગલ અને વન્ય જીવ માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. પ્રકૃતિ સુરક્ષિત રહેશે ત્યારે જ જીવન ટકી રહેશે અને પ્રકૃતિ પ્રત્યેની જાગરૂકતાના હેતુથી દર વર્ષે ૨૮ જુલાઇએ વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ મનાવવામાં આવે છે.

વધતા જતા શહેરીકરણનાં કારણે આપણે જોઈએ છીએ કે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. જંગલો કપાતા જાય છે જેનાથી માત્ર માણસોને જ નહીં પરંતુ વન્ય જીવોને પણ નુકસાન થઈ રહ્યું છે. જો આપણે માત્ર એટલો વિચાર કરીએ કે કોઈ આપણી પાસેથી આપણું ઘર છીનવી લે તો ? એથી વિશેષ જેમની પાસે ખરેખર રહેઠાણની વ્યવસ્થા નથી એમને ફૂટપાથ પર કે જુદા જુદા સ્થળે ઝુપડી બાંધીને રહેતા આપણે જોયા છે. એમના સ્થાને ક્યારેક સ્વ ને અનુભવીને આપણે એમને માટે કરુણા અનુભવી શકતા હોઈએ છીએ. ખેર,આ તો મનુષ્ય છે જે એક એવું સંસારિક પ્રાણી છે જે બોલી શકે છે, કામ કરી શકે છે, કમાઈ શકે છે, પણ પ્રાણીઓ ! આપણે દિવસે દિવસે જંગલો કાપીને પ્રાણીઓના નિવાસ સ્થાન છીનવી રહ્યા છીએ, પ્રકૃતિને ઉત્સાહભેર નુકસાન કરી રહ્યા છીએ. હા એક વાત છે આપે એ તો જોયું જ હશે કે હમણાં હમણાં વન્ય જીવોના કોઈ ગામમાં કે શહેરમાં પ્રવેશ કરવાના કિસ્સા હવે પહેલા કરતા વધુ થઈ રહ્યા છે. અહીં એમ કહેવાય છે કે વન્યજીવોએ કોઈ ગામમાં,વિસ્તારમાં ઘુસણખોરી કરી છે પરંતુ ખરી વાત તો એ છે કે મનુષ્યયે એના ઘરમાં ઘુસણખોરી કરી છે, કારણ કે વધતા જતા આધુનિકરણની પાછળ અહીં તહીં બંગલા, ઓફિસો બનાવવામાં વૃક્ષો કાપતા જઈએ છીએ. શહેરો લંબાતા જાય છે અને ગામડાઓ એમાં વિલીન થતા જાય છે. રોજ રોજ નવા રોડ રસ્તા બનાવવામાં, ઇન્ડસ્ટ્રીઝ ઉભી કરવામાં કેટકેટલાં વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે.

વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસનો હેતુ પ્રકૃતિના સંરક્ષણ માટે જરૂરી પગલાં લેવાનો છે. પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ આપણે કુદરતી હોનારતનો સામનો કરવો પડે છે.

# આજે શહેર ભાજપ દ્વારા કોંગ્રેસ સામે વિરોધ પ્રદર્શન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની એક સંયુક્ત યાદીમાં જણાવાયું છે કે, કોંગ્રેસના લોકસભાના પક્ષના નેતા અધિર રંજન ચૌધરી દ્વારા દેશના પ્રથમ મહિલા આદિવાસી મહામહીમ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજી માટે રાષ્ટ્રપતિના બદલે રાષ્ટ્રપત્ની જેવા અશોભનીય શબ્દોનો પ્રયોગ ઈરાદાપૂર્વક ર્ક્યો છે તેના વિરોધમાં શહેર ભાજપ દ્વારા આજે તા.૨૮ ના સાંજે ૬ કલાકે કોર્પોરેશન ચોક ખાતે વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવશે. શહેર ભાજપ દ્વારા કોંગ્રેસ સામે આજે યોજાનાર વિરોધ પ્રદર્શનમાં શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરએ જાહેર અનુરોધ કરેલ છે.

# મનપા દ્વારા નવરાત્રિ રાસોત્સવ માટે ૮ પ્લોટ ભાડે આપવા ટેન્ડર પ્રસિધ્ધ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના શહેરમાં આવેલ કુલ આઠ પ્લોટ તા.૨૪/૦૯ થી તા.૫/૧૦ સુધી નવરાત્રિના તહેવારમાં રાસોત્સવ માટે રેસકોર્ષ ગ્રાઉન્ડ તથા અન્ય પ્લોટ ભાડે આપવા ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

રેસકોર્સમાં બે પલોટ, નાના મવા સર્કલ પંપ પાસે, સાધુવાસવાણી રોડ, રાજ પેલેસ સામેનો પ્લોટ, પ્રમુખ સ્વામી ઓડીટોરીયમની બાજુનો પ્લોટ, અમીનમાર્ગ કોર્નર, જેડ બ્લ્યુની સામેનો પ્લોટ, એફ.પી.નં.૯૪, મધુવન પાર્ક પાસે, મોરબી રોડ, એફ.પી.નં.૯૫, મધુવન પાર્ક પાસે, મોરબી રોડ મેદનોને ઇ.એમ.ડી.ની રકમ રૂ. ૧,૦૦,૦૦૦ માં ભાડે આપવામાં આવશે.

ભાવભરનારે અપસેટ કિંમત ઉપરાંત ૧૦% સફાઈ વહીવટી ચાર્જ તથા ૧૮% મુજબ જી.એસ.ટી.ની રકમ અલગથી ભરપાઈ કરવાની રહેશે. આ કામે ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવેલ છે. આ કામના ટેન્ડરની છેલ્લી તા. ૧૦/૦૮ છે. ટેન્ડરની નકલ એસ્ટેટ વિભાગમાંથી રૂબરૂ અથવા મહાનગરપાલિકાની વેબસાઈટ www. rmc.gov.in પરથી મળી શકશે. (૧૩)

# શ્રાવણ માસના પાવન પર્વની શહેરીજનોને શુભેચ્છા પાઠવતા મિરાણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

આવતીકાલથી દેવાધિદેવ મહાદેવની પરમ ભક્તિમાં લીન થવા માટેના પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે શહેરીજનોને શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરએ શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, જીવ અને શિવ વચ્ચેના પરમતત્વને ઉજાગર કરતા શ્રાવણ માસ દરમ્યાન ભક્તો શિવપૂજન કરે છે, અભિષેક, બીલીપત્ર અર્પણ કરે છે. કમલેશ મિરાણીએ વધુમાં જણાવ્યું હતું કે, દેવપોઢી એકાદશી પછી શરૂ થતા ચાતુર્માસનો આ પ્રથમ મહિનો હોય છે. શ્રાવણ માસમાં ભક્તો શિવભક્તિમાં લીન થઈ ધન્યતા અનુભવે છે. વળી આ શ્રાવણ માસમાં રક્ષાબંધન, નાગપંચમી અને જન્માષ્ટમી જેવા તહેવારોની ઉજવણી થાય છે, ત્યારે શ્રાવણ માસના પ્રારંભથી જ એક પછી એક તહેવારોની વણઝાર પણ શરૂ થઈ જાય છે.

સૃષ્ટિના આદ્યદેવજી શંકરની આરાધના કરવા માટે શ્રાવણ માસ શ્રેષ્ઠ છે. ભારતમાં શિવજીને લગતા ઘણા બધા ઉત્સવો ઉજવવામાં આવે છે, જેમાં શ્રાવણ માસનું વિશેષ મહામ્ય છે.આખા શ્રાવણ માસ દરમિયાન ચાર સોમવાર, એક પ્રદોષ તેમજ એક શિવરાત્રી આ બધા યોગ એક સાથે શ્રાવણ મહિનામાં ભેગા થતા હોય વધારે ફળ આપનાર છે. શ્રાવણ માસ દરમિયાન શિવાલયોમાં ભક્તોની ભીડ જોવા મળે છે, શિવભક્તો પૂજન- અર્ચન- અભિષેક દ્વારા ભોળાનાથની ભકિત કરે છે અને જનસમુદાય ભોળાનાથની અસિમ કૃપા પ્રાપ્ત કરે છે, ત્યારે અંતમાં શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરે શહેરીજનોને શિવજીને અતિ પ્રિય એવા શ્રાવણ માસની શુભેચ્છા પાઠવતા જણાવેલ હતું.



## રાજકોટ ક્રાઈમ

### વૃધ્ધનો ફીનાઈલ પી આપઘાત

રાજકોટઃ શહેરના માધાપર પાસે આવેલ ગોલ્ડન પોર્ટીગો એપાર્ટમેન્ટમાં રહેતા મનસુખભાઈ ધનજીભાઈ અપારા (ઉ.વ.૮૩) નામના વૃદ્ધે ઘરે ફિનાઈલ પી લેતા હોસ્પિટલે ખસેડાયા હતા પરંતુ સારવાર દરમ્યાન મોત નીપજતા ગાંધીગ્રામ પોલીસના સ્ટાફે દોડી જઈ જરૂરી કાર્યવાહી કરી હતી.

### રીક્ષા પાર્ક કરવા મુદ્દે પિતા–પુત્ર ઉપર હુમલો

રાજકોટ : શહેરના ગાંધીગ્રામના શ્યામનગરમાં રહેતા ઉમેશભાઈ નાનજીભાઈ નારીગ્રા (ઉ.વ.૪૨)એ પડોશી અક્ષય અશોક નારીગ્રા સામે ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, સવારે આરોપીએ રીક્ષા પાર્ક કરવા મુદ્દે ઝઘડો કરી મને અને મારા પિતા નાનજીભાઈ સાથે ઝઘડો કરી, જપાજપી કરી રીક્ષામાં તોડફોડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું જણાવતા પોલીસે જરૂરી કાર્યવાહી કરી છે.

### ૧૪ હજારના દારૂ સાથે બુટલેગર ઝબ્બે

રાજકોટ : શહેરમાં દારૂ-જુગારના કેસો કરવાની સુચના અન્વયે તાલુકા પીએસઆઈ એન કે રાજપુરોહિત સહિતના સ્ટાફે કણકોટ ગામમાં દરોડો પાડી ધર્મેશ ઉર્ફે રમેશ ઉર્ફે ભકો મોહન ફતેપરાને ૧૩,૭૦૦ની કિંમતના બે લીટરની ક્ષમતાવાળા ૨૪ જગ દારૂ સાથે ઝડપી લઇ તપાસ કરતા અગાઉ પણ ધર્મેશ પાંચ ગુનામાં પકડાઈ ચુક્યો હોવાનું જાણવા મળ્યું છે.

### મોચી બજારમાંથી ફોનની ચોરી

રાજકોટ : શહેરના રામકૃષ્ણનગરમાં રહેતા ખુશ્બુબેન પુર્ણેશભાઈ ચુડાસમા (ઉ.વ.૩૧) નામની મહિલા મોચીબજારમાં ખરીદી કરવા ગઈ હતી દરમ્યાન સોનલ ટ્રેડીંગમાં ખરીદી કરતી વેળાએ પોતાનો ૨૫ હજારનો ફોન દુકાન બહાર પડેલા પાર્સલ પર રાખ્યો હતો પળવારમાં જ આ ફોન ગાયબ થઇ જતા અજાણ્યા શખ્સ સામે એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.






# શહેર કોંગ્રેસ વોર્ડ નં.૧૫ ના કાર્યકારી પ્રમુખ નરેશ પરમારનો આજે જન્મદિવસ



રાજકોટ:શહેર કોંગ્રેસ વોર્ડ નં.૧૫ ના કાર્યકારી પ્રમુખ નરેશભાઈ પરમારનો આજે જન્મદિવસ છે. આજે નરેશભાઈ પરમાર પોતાના જીવનના ૪૦ વર્ષ પૂર્ણ કરીને ૪૧ માં વર્ષ માં મંગલ પ્રવેશ કરવાના હોય ત્યારે અશોકભાઈ ડાંગર, શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદીપભાઈ ત્રિવેદી, કાર્યકારી પ્રમુખ સંજયભાઈ અજુડિયા, પ્રદેશ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા, ડો. હેમાંગભાઈ વસાવડા, પ્રદેશ મહામંત્રી અશોકભાઈ ડાંગર, મહેશભાઈ રાજપૂત, જસવંતસિંહ ભટ્ટી, દિનેશભાઈ મકવાણા, ભરતભાઈ મકવાણા, પ્રદેશ ક્ષતીશ પ્રમુખ નરેન્દ્ર સોલંકી, રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષના નેતા ભાનુબેન સોરાણી, કોર્પોરેટર મકબુલભાઈ દાઉદાણી, રવિભાઈ ડાંગર અને શહેર કોંગ્રેસ કાર્યાલય મંત્રી ગોપાલ મોરવાડિયા વિગેરે રાજકીય અગ્રણીઓ, કાર્યકરો, શુભેચ્છકો, મિત્રો તથા પરિવારજનો (મો.૯૯૦૪૮૧૮૮૧૮) પર જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી નરેશ પરમારને જન્મદિવસની ખૂબ ખૂબ શુભકામનાઓ...

# લીમડા ચોકમાં આવેલી હોટલ હાર્મનીના રૂમમાં જુગાર રમતા છ ઝડપાયા

## ધરપકડ કરાયેલામાં વેપારી સહિતનો સમાવેશ, રૂા.૭૧ હજારની રોકડ કબ્જે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

શહેરના લીમડા ચોકમાં આવેલી હાર્મની હોટલમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે એ-ડિવિઝન પોલીસે દરોડો પાડી જુગાર રમતા વેપારી સહિત છ શખ્સોને રૂા.૭૧ હજારની રોકડ સાથે પકડી લીધા હતા. ધરપકડ કરાયેલામાં પાર્થ કિરીટ ડોડીયા (ઉ.વ.૩૯, રહે. તિરૂપતિ બાલાજી પાર્ક, શેરી નં.૩, ગ્રીનલેન્ડ ચોકડી પાસે), નિલેશ મનસુખ મોર (ઉ.વ.૨૯, રહે.તિરૂપતિ બાલાજી પાર્ક), પ્રતિક કિરીટ ડોડિયા (ઉ.વ.૨૯, રહે. રાધિકા પાર્ક, નાણાવટી ચોક પાસે), કમલેશગીરી રતીગીરી ગોસ્વામી (ઉ.વ. ૩૮, રહે. હિરામનનગર, હનુમાનમઢી પાસે રૈયા રોડ), રાજુ ઉર્ફે જગો મોતીભાઈ બસરાણી (ઉ.વ.૪૫, રહે. સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, રૈયા ટેલિફોન એક્સ્ચેન્જ નજીક) અને અમીશ કિશોરભાઈ જોશી (ઉ.વ. ૪૦, રહે. વૈશાલીનગર, રૈયા રોડ)નો સમાવેશ થાય છે. આરોપી પાર્થ અને પ્રતિક કન્સ્ટ્રકશનનું કામ કરે છે. જ્યારે અમીશ વેપારી છે. આ ઉપરાંત રાજુ કપડાની ફેરી, કમલેશગીરી પ્રાઈવેટ નોકરી અને નિલેશ ડ્રાઈવિંગ કામ કરે છે. હોટલ હાર્મનીના રૂમ નં.૨૦૨માં જુગાર રમાતો હોવાની બાતમી પરથી પોલીસે દરોડો પાડ્યો હતો. છ શખ્સોને રૂા.૭૧૭૨૦ની રોકડ સાથે પકડી લીધા હતા

### એ ડિવિઝન પોલીસે ભુતખાના ચોક પાસેથી દબોચી લીધા પ્રોફેસરના ખિસ્સામાંથી

# ૨૦ હજાર સેરવી લેનાર નામચીન મહિલા સહિત ૪ ઝબ્બે

## વધુ ગુનાના ભેદ ઉકેલવા આરોપીના રિમાન્ડ મંગાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૨૮

રાજકોટમાં કાલાવડ રોડ પર ક્રિષ્ના પાર્કમાં રહેતા અને યુનિવર્સિટીમાં સમાજ કાર્ય ભવનમાં પ્રોફેસર તરીકે નોકરી કરતા રમેશભાઈ દુદાભાઈ વાઘાણી (ઉ.વ.૬૨) તે પાલીતાણા નજીક આવેલ કુંભણ ગામે ગયા હતા અને પરત ગત તા. ૨૬/૭ના રોજ રાજકોટ આવી ત્રિકોણબાગ નજીકથી રીક્ષામાં બેસી ઘેર જતા હતા તે દરમ્યાન પાછળની સીટમાં બેઠેલા અન્ય પેસેન્જરોએ નજર ચૂકવી રૂપિયા ૨૦ હજાર સેરવી લીધાની એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. દરમ્યાન પીઆઈ સી જી જોષી સહિતના સ્ટાફે ચોક્કસ માહિતીના આધારે ભુતખાના ચોક પાસેથી નામચીન મહિલા કાજલ ઉર્ફે કાજલી કિશનભાઈ દેત્રોજા, રેખા પ્રકાશભાઈ પરમાર, રિક્ષાચાલક કેતન ઉર્ફે કાનો હર્ષદ મકોડીયા અને કિશન નટુભાઈ વ્યાસને ઉઠાવી લઇ આકરી પૂછપરછ કરતા તેણે ૨૬/૭ના રોજ સવારે એક મુસાફરના રૂપિયા ૨૦ હજાર સેરવી લીધાની કબુલાત આપતા પોલીસે ચારેયની ધરપકડકરી તેની પાસેથી રોકડ કબ્જે કરી વધુ ચોરીના ભેદ ઉકેલવા રિમાન્ડની માંગણી સાથે કોર્ટ હવાલે કરવાની કાર્યવાહી કરી છે પકડાયેલ કેતન અગાઉ ત્રણ ગુનામાં અને કાજલી અગાઉ આંઠ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકી હોવાનું બહાર આવ્યું છે.

# ૮૫ હજારથી વધુ છાત્રાઓને સલામતી માટે જાગૃત કરતી દુર્ગાશકિત શી ટીમ

## ૫૦ શાળાઓ અને ૩૦થી વધુ કોલેજોમાં જાતિય સુરક્ષા સાયબર ક્રાઈમ, સોશિયલ મીડિયા અવેરનેસ અને સેલ્ફ ડિફેન્સના જાગૃતિલક્ષી કાર્યક્રમ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૨૮

રાજ્ય સરકારે મહિલાઓની સુરક્ષા માટે અનેકવિધ પાસાઓ પર કામ કર્યું છે. જેમાં કાયદાકીય દ્રષ્ટિએ દરેક જિલ્લામાં શી ટીમની રચના. ત્યારે રાજકોટ શહેરની દુર્ગા શક્તિ શી ટીમ વાત કરીએ તો એ બાળકોની મિત્ર, મહિલાઓની સખી અને વડીલોની દીકરી બનીને તેમની સુરક્ષા કરી રહી છે. રાજકોટ મહિલા પોલીસ સ્ટેશન હેઠળની શી ટીમના ઈન્ચાર્જ રોજીબાનું શાહમદારએ પોતાની કામગીરી અંગે ચિતાર આપતાં કહ્યું હતું કે, રાજકોટ સિટીમાં શી ટીમ હેઠળ આશરે ૨૦ થી વધુ મહિલાઓ સવારના ૬ થી ૨ અને બપોરના ૨ થી ૧૦ વાગ્યા સુધી એમ બે શિફ્ટમાં કામ કરે છે. શી ટીમને પાંચ બોલેરો ફાળવવામાં આવી છે

જેમાં ૨ શી ટીમના સભ્ય અને ૧ મહિલા પોલીસ સતત પેટ્રોલિંગ કરીને મહિલાઓની સુરક્ષા અર્થે કામ કરી રહી છે. શી ટીમ દ્વારા અત્યાર સુધીમાં ૫૦થી વધુ શાળાઓ અને ૩૦થી વધુ કોલેજોમાં જાતિય સુરક્ષા, સાયબર ક્રાઈમ, સોશિયલ મીડિયા અવેરનેસ અને સેલ્ફ ડીફેન્સના જાગૃતિલક્ષી કાર્યક્રમો કરવામાં આવે છે. આ ઉપરાંત કોલેજોમાં ખાસ કિશોરીઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ પર ભાર મુકવામાં આવેલ છે. શાળાઓમાં ૮૫ હજારથી વધુ બાળકોને ગુડ ટચ-બેડ ટચની સમજ આપવામાં આવી છે. આ ઉપરાંત ભિક્ષુક બાળકોની માહિતી મેળવીને તેમને ચિલ્ડ્રન ફોર હોમમાં મોકલીએ છીએ.

વધુમાં ગર્લ્સ હોસ્ટેલ, વૃધ્ધાશ્રમો, જાહેર જગ્યાઓ, સોસાયટી અને અવાવરૂ સ્થળોએ પણ પેટ્રોલિંગ કરવામાં આવે છે તેમ રોજીબાનુંએ ઉમેર્યું હતું. કિશોરીઓની સલામતીને લઈને ઉભી થતી સમસ્યાઓ વિશે પોતાનો અનુભવ રજુ કરતાં મુકતાબેન સોંનદરવાએ જણાવ્યું હતું કે, આજની યુવા પેઢીઓ સોશિયલ મીડિયા પર ભારે એક્ટીવ છે. જીવનના ધ્યેયથી ભટકાવી દે તેવો અતિશયોક્તિ ભર્યો સોશિયલ મીડિયાનો વપરાશ ટાળવો જોઈએ. સામાન્ય નોકરીની લાલાચ, કોઈ સારી વાત કરે તો લાગણીઓમાં વહીને આંધળો વિશ્વાસ કરી મુકતી હોય છે.

ત્યારે યુવતીઓને એક જ અપીલ છે કે કોઈપણ અજાણી વ્યક્તિઓ પર આંધળો વિશ્વાસ ન કરે.દુર્ગા શકિત ટીમના અન્ય બે મહિલા સદસ્ય કિરણબેન અને દક્ષાબેનએ વધુમાં જણાવ્યું હતું કે, મહિલા માટે ૧૮૧ હેલ્પલાઈન નંબર છે પરંતુ તેઓ ૧૦૦ નંબર ઉપર ફોન કરશે તો પણ અમને કંટ્રોલ રૂમ મારફત જાણ કરવામાં આવશે અને તેમના બચાવ માટે તાત્કાલિક ધોરણે પહોંચી જશું.




### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા રાજકોટ મનપાના સંયુક્ત ઉપક્રમે તથા રાષ્ટ્રીય શિક્ષા નિતિના ભાગરૂપે

# "MODI@20 Dream Meet Delivery" પુસ્તક પર પ્રકાશ જાવડેકરજી યુવાનોને માર્ગદર્શન આપશે

## શનિવારે સવારે ૧૦:૩૦ કલાકે પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ ખાતે આયોજનઃ યુનિવર્સિટીના કુલપતિ અને મેયરની ખાસ ઉપસ્થિતિ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા રાજકોટ મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવ વર્ષની ઉજવણી તથા રાષ્ટ્રીય શિક્ષા નિતિના ભાગરૂપે ""MODI20 Dream Meet Delivery"" પુસ્તક પર ભારત સરકારના પૂર્વ કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી (શિક્ષા મંત્રીશ્રી) પ્રકાશ જાવડેકરજી યુવાનોને માર્ગદર્શિત કરશે. આગામી તા. ૩૦ ને શનિવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે રાજકોટના રૈયા રોડ પર સ્થિત પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ગિરીશભાઈ ભીમાણી, મુખ્ય મહેમાન તરીકે રાજકોટ મહાનગર પાલિકાના યુવા મેયર ડો. પ્રદિપભાઈ ડવ તથા મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભવનો અને કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પ્રકાશ જાડવેકરજીનું માર્ગદર્શન મેળવશે.

આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષઓ, સંલગ્ન કોલેજોના આચાર્યઓ, પ્રાધ્યાપકઓ તથા શિક્ષણવિદો, શહેરના નાગરીકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

## રાજકોટ મનપાના ફૂડ વિભાગ દ્વારા કરાઈ કામગીરી

## ૧૫ પેઢીની ચકાસણી, ૭ પેઢીને લાયસન્સ બાબતે નોટીસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

મહાનગરપાલિકાના ફૂડ વિભાગના ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ વાન દ્વારા બાલાજી હોલ, ખીજળાવાળો મેઇન રોડ વિસ્તારમાં ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં દર્શાવેલ વિગતો મુજબ કુલ ૧૮ પેઢીની ચકાસણી કરવામાં આવેલ ચકાસણી દરમિયાન વેંચાણ થતાં ઠંડાપીણાં, દૂધ, મસાલા તથા ઉપયોગમાં લેવાતા ખાધ્ય તેલ વિગેરેના કુલ ૧૩ નમૂનાની સ્થળ પર આપવામાં આવેલ.

પુજા જનરલ સ્ટોર, નેન્સી એન્ટરપ્રાઇઝ, જલિયાણ પ્રોવિઝન સ્ટોર, પુનમ પાણીપુરી, સુપર સાગર ડેરી ફાર્મ, શ્રીજી સોડા શોપ, શ્રીજી ડેરી ફાર્મ, રાજુભાઇ ગૌસ્વામી દૂધવાળા-ટેમ્પો (સાતુદળ -જામ કંડોણા) ઉમિયા પાન સોડા શોપ, મહાદેવ સોડા શોપ, સાગર પ્રોવિઝન સ્ટોર, ધારેશ્વર ડેરી ફાર્મ, શિંગાળા ડેરી ફાર્મ, પટેલ ડેરી ફાર્મ, યશ સ્વીટ માર્ટ, યોગી ફરસાણ માર્ટ, જલારામ જાંબુ (૧૮)પટેલ મદ્રાશ કાફેની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.

ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ વાન દ્વારા યુનિવર્સિટી રોડ, આકાશવાણી ચોક વિસ્તારમાં ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં દર્શાવેલ વિગતો મુજબ કુલ ૧૫ પેઢીની ચકાસણી કરવામાં આવેલ ચકાસણી દરમિયાન ૦૭ પેઢીને લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ.

ટી સ્ટેશન, એન્જલ ચાઇનીઝ પંજાબી, સોમનાથ પાઉભાજી, સોમનાથ ભેળ, સોમનાથ સાઉથ ઈન્ડિયન, બાલાજી વડાપાઉ, ક્રેઝી એગ્ઝને સ્થળ પર લાઇસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ.

તથા ઢોસા હબ, જય ભવાની વાડાપાઉ, વર્લ્ડ ઓફ વફલ્સ, પાન્ડેજી પાર્લર પોઈન્ટ, સંતુષ્ટિ શેક, ઝોરકો ફૂડ, સેલિબ્રેશન ફેમિલી રેસ્ટોરન્ટ,ઠાકર ધણી રેસ્ટોરન્ટની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ.


## પત્નીને આપઘાતની ફરજ પાડવાના ગુન્હામાં પતિની જામીન અરજી ફગાવતી કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

કુવાડવા રોડ પર આવેલ નવાગામના દિવેલીયાપરામાં રેહતી પરિણીતાને આપઘાતની ફરજ પાડવાના ગુનામાં જેલ હવાલે રહેલા પતિની જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે. વધુ વિગત મુજબ રાજકોટ તાલુકાના નવાગામના દિવેલીયાપરામાં રહેતી સોનલબેન રાહુલભાઈ તલાવડીયા નામની પરિણીતાએ ઘરે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. આ બનાવમાં પોલીસે મૃતકના વાલી અને ચોટીલા તાલુકાના રેશમિયા ગામે રહેતા સવજીભાઈ વિઠ્ઠલભાઈ પરાલીયાની ફરિયાદ પરથી મૃતક સોનલબેનના પતિ રાહુલ તલાવડીયા અને સસરા ચના તલાવડી સામે મરવા મજબૂર કર્યાની ફરિયાદ પરથી કુવાડવા રોડ પોલીસ મથકના સ્ટાફે ગુનો નોંધી બંનેની ધરપકડ કરી સોનલબેનના પતિ રાહુલને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોવાથી ત્રાસ આપી ઝઘડો કરી મારમારતો હોવાથી આ પગલું ભરી લીધાનું ખુલ્યું હતું. તપાસ પૂર્ણ થતા જેલ વાલે કર્યા હતા. જેલ હવાલે રહેલા રાહુલ તલાવડીયા એ જામીન પર છૂટવા સેશનસ કોર્ટમાં અરજી કરી હતી. જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર તરફે એપીપી અતુલભાઇ જોષી ઉપસ્થિત રહી જામીન અરજીનો વિરોધ કરી દલીલમાં બે વર્ષ અને ચાર માસનો લગ્ન ગાળો હોય તેમજ અન્ય સ્ત્રી સાથેના સંબંધને શારીરિક માનસિક ત્રાસ આપતા આપઘાત કરી લીધાનું દલીલમાં જણાવ્યું હતું. જે રજૂઆત ધ્યાને લઈ ન્યાયધીશ પી.એમ.ત્રિવેદીએ રાહુલ તલાવડીયાની જામીન અરજી ફગાવી દીધી છે. સરકાર પક્ષી એપીપી અતુલભાઇ જોશી હાજર રહ્યા હતા.

## જોહર કાર્ડસ તથા જોહર ગેલેરીમાં રાખડીઓની ભવ્ય ડિઝાઈન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

### ચંદન, રૂદ્રાક્ષ, કુંદન, અમેરીકન ડાયમંડ, ડાયમંડ રીંગ, પર્લ મોતીની ભવ્ય વેરાયટીઓ

ભાઈ- બહેનના પવિત્ર પ્રેમના પ્રતિકસમા રક્ષાબંધનના તહેવાર નિમિતે શહેરની બજારોમાં નતનવી રાખડીઓ આવેલ છે. શહેરમાં છેલ્લા ૫૫ વર્ષથી રાખડીનો વ્યવસાય કરતા એવા જોહર કાર્ડ્સવાળા યુસુફઅલીભાઈ તથા હસનેનભાઈ તેમજ જોહર ગેલેરી પ્રેમમંદિર રોડ, કાલાવડ રોડ, ગાર્ડન સામે આવેલ જોહરભાઈએ જણાવ્યું કે, આ વર્ષે ૧૧ ઓગસ્ટના રોજ રક્ષાબંધનનો પવિત્ર તહેવાર આવે છે. રાખડીઓ ભરપુર ડિઝાઇનનોમાં આવેલ છે. જેમાં ટ્રેડીશનલ ડિઝાઈનો, ક્રિસ્ટલ પારાની, રૂદ્રાક્ષની, ચંદનની ભવ્ય સંખ્યાબંધ ડિઝાઈનો, રજવાડી હિરાજડિત રાખડીઓ, જયપુરી સ્ટોનની, ચાઈના બીટ્સની, મીનાકારી કરેલ પેન્ડલની રાખડીઓ, અલગ- અલગ કલરના ડાયમંડ રાખડીઓ, તુલસીનાં પારાની, પર્લ મોતીની રાખડી, ડાયમંડ રીંગવાળી રાખડીઓ, રોઝ ગોલ્ડની રાખડીઓ, કુંદનના નંગની, અમેરિકન ડાયમંડની સંખ્યાબંધ ડિઝાઇનનો બનાવીને અલગ- અલગ રીતે સજાવીને રાખડીઓ બનાવવામાં આવી છે. રક્ષાબંધનના તહેવાર નિમિતે પ્રખ્યાત કંપનીઓ દ્વારા ચોકલેટના સેલિબ્રેશન ગીફ્ટ બોક્સ આવેલ છે. જોહર કાર્ડ્સ તથા જોહર ગેલેરીમાં શાનદાર રાખડીઓ શાનદાર રીતે ડિસ્પ્લે કરવામાં આવ્યું છે. તેમ જણાવ્યું છે.

## કચ્છી લોહાણા સમાજ રાજકોટ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટ કચ્છી લોહાણા મહાજન દ્વારા સરસ્વતી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં સમાજના ઉત્કૃષ્ટ વિદ્યાર્થીઓને સમાજના આગેવાનો દ્વારા પ્રમાણપત્ર અને શિલ્ડ સાથે શૈક્ષણિક કીટ આપી નવાજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કચ્છી લોહાણા મહિલા મંડળે ખાસ કચ્છી રાસ તૈયાર કરી રજૂ કર્યો હતો. કાર્યક્રમના આયોજનમાં યુવા મંડળનો સિંહફાળો રહ્યો હતો.

કચ્છી લોહાણા સમાજના પ્રમુખ મુકેશભાઇ ધનસોતા, રાજય કક્ષાના વાહન વ્યવહાર મંત્રી અરવિંદભાઇ રૈયાણી, મેયર પ્રદીપભાઇ ડવ, રાજકોટ મહામંત્રી કિશોરભાઇ રાઠોડ, શિક્ષણ સમિતિ ચેરમેન અતુલભાઈ, તથા કોર્પોરેટર પરેશભાઇ પીપળીયા, દિલીપભાઇ લુણાગરીયા તથા અન્ય ભાજપ આગેવાન સહિતનાઓ વિશેષ ઉપસ્થિત રહેલ.

## એસટી વિભાગ દ્વારા એપ્રેન્ટીસની ભરતી થશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

ગુ.રા.મા.વા.વ્ય.નિગમ, રાજકોટ વિભાગની એપ્રેન્ટીસોની ભરતી માટે રાજકોટ વિભાગ હેઠળના વિભાગીય કચેરી, વિભાગીય મંત્રાલય, ટાયરપ્લાન્ટ- રાજકોટ તથા રાજકોટ/ મોરબી/ગોંડલ/વાંકાનેર/જસદણ-ડેપો ખાતે એપ્રેન્ટીસ એકટ-૧૯૬૧ અન્વયે એપ્રેન્ટીસ મશીનિષ્ટ, શીટ મેટલ વર્કર, કારપેન્ટર, પેન્ટર જનરલ ટ્રેડ હેઠળના ૧૦ પાસ આઇ.ટી.આઇ પાસ કરેલ હોઇ તેવા એપ્રેન્ટીસ તરીકેની ભરતી કરવાની હોઇ, તા.૧૭ ઓગષ્ટ સુધીમાં મહેકમ શાખા, વિભાગીય નિયામકની કચેરી, ગોંડલ રોડ, રાજકોટ ખાતેથી આ માટેના અરજીપત્રક સમય ૧૧ થી ૨ કલાક દરમ્યાન મેળવી લેવાના રહેશે તથા ભરેલ અરજીપત્રકો તા.૧૮ ઓગષ્ટ સમય ૨ કલાક સુધીમાં પરત કરવાના રહેશે.

## ધોરાજીમાં ઉજ્જવળ ભારત ઉજ્જવળ ભવિષ્ય વીજ મહોત્સવ યોજાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ-ગુજરાત અને ભારત સરકારના વિદ્યુત મંત્રાલય દ્વારા ઉજ્જવળ ભારત ઉજ્જવળ ભવિષ્ય વીજ મહોત્સવ ૨૦૨૨ રાજકોટ જિલ્લાના ધોરાજી સ્થિત પટેલ સાંસ્કૃતિક ભવન ખાતે યોજાયો હતો.

વીજ ઉત્પાદન અને વપરાશમાં થયેલ વિકાસ અને આગામી વર્ષ ૨૦૪૭ સુધીમાં અપેક્ષિત આયોજન અંતર્ગત ધોરાજી ખાતે આયોજીત વીજ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય જયેશભાઇ રાદડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતના લોકો વીજળીના યોગ્ય અને કરકસરયુકત ઉત્પાદનમાં ખૂબ સહયોગી બન્યા છે અને લોકો આજે વીજળીને યોગ્ય પ્રમાણમાં વપરાશ કરતા પણ થયા છે અને સરકાર દ્વારા વીજ ઉત્પાદન માટેના નક્કર આયોજનથી ગુજરાત રાજ્ય વીજ વપરાશ-ઉત્પાદન તેમજ સૌરઉર્જા ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર બન્યું છે આમ સરકાર ઊર્જા વિકાસમાં અગ્રેસર કામગીરી કરી લોકોને અવિરત વીજ પુરવઠો આપી રહ્યું છે.

## સ્વામીનારાયણ મંદિરથી સોમનાથ મંદિર સુધીનો માર્ગ ૨ ફૂટ ઊંચો બનશે



### ૨ ફૂટ ઊંચાઈ અને ૧૦ મીટર પહોળો માર્ગ અંદાજીત રૂપિયા ૯૦થી ૯૫ લાખમાં તૈયાર કરાશે

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી, તા.૨૮

અમરેલીના જેશીંગપરાથી પુલ પસાર કરીને સ્વામીનારાયણ મંદિરથી સોમનાથ મંદિર સુધીનો નદીકાંઠાનો માર્ગ એકાદ-બે દાયકાથી અતિ બિસ્માર હોય વાહન ચાલકો, રાહદારીઓ સહિત સૌ કોઈ ત્રાહીમામ હોય આ અગેં ૩ વર્ષ પહેલા સચોટ અને સચિત્ર અહેવાલ પ્રસિધ્ધ થયા બાદ માર્ગ બનાવવાની દરખાસ્ત થઈ હતી અને તે માર્ગનું ખાતમુહૂર્ત જિલ્લા ભાજપ પ્રમુખ કૌશિક વેકરીયા દ્વારા કરવામાં આવતાં સૌ કોઈમાં હાશકારાની લાગણી ઉભી થઈ છે. અમરેલીના પ્રવેશદ્વારસમાં આ માર્ગને ૨ ફૂટ ઊંચો અને ૧૦ મીટર પહોળો બનાવવામાં આવશે અને માર્ગની નીચે ગંદા કે વરસાદી પાણીના નિકાલ માટે પાઈપ લગાવાશે જેથી માર્ગને નુકસાન ન પહોંચે અને જનતા જનાર્દનના રૂપિયા ૯૦થી૯૫ લાખનો ખર્ચ કરવામાં આવશે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### ગુજરાતની શ્વેતક્રાંતિએ મહિલા સશક્તિકરણમાં મહત્વની ભૂમિકા ભજવી છેઃ વડાપ્રધાન

આજે ડેરી ઉદ્યોગ એક લાખ કરોડે પહોંચ્યો છે. આજે મહિલાઓ દુધ-મંડળીઓ ચલાવી રહી છે, મધનું ઉત્પાદન બમણું થયું છે. ખેડૂતોની આવકમાં વધારો થાય તે માટેના પ્રયાસો કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર દ્વારા ૩ કરોડથી વધારે ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવ્યાં છે. પીએમ મોદીએ સાબરકાંઠાના પોતાના જૂના સાથીઓને યાદ કર્યા હતા. તેમણે જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ સ્વર્ગસ્થ જ્યેન્દ્રસિંહ રાઠોડ અને હિંમતનગર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સ્વ શ્રીરામ સંખલાને યાદ કર્યા હતા. તેમણે પ્લાસ્ટિકના ઉપયોગને લઈને જણાવ્યું હતું કે પશુઓની સારવાર માટે ઓપરેશન કરીએ એટલે તેમના પેટમાંથી ૧૫-૨૦ કિલો પ્લાસ્ટિક નીકળતું હતું. દૂધનો પૈસો મહિલાઓ પાસે જ જવો જોઈએ જેની તેમણે શરૂઆત કરાવી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે દેશમાં ૧૦ હજાર એફપીઓ શરૂ કરવાનું કાર્ય ચાલુ છે. ખેડૂતોની આવકમાં વધારો થઈ રહ્યો છે. નાની જમીન ધરાવતા ખેડૂતોની આવક વધી છે. સાબરડેરી હવે સમગ્ર જિલ્લામાં મધમાખીની પેટી ખેડૂત પશુપાલકોને આપી રહી છે. ૩૫૦૦ની યુરિયા થેલી ૩૦૦ રૂપિયામાં સરકાર આપે છે. વડાપ્રધાને અરવલ્લીના ખેડૂતોને અભિનંદન આપ્યા હતા, જ્યાં તેમણે ટપક સિંચાઇ અપનાવી છે. સુઝલામ સુફલામ કેનાલે સિંચાઇનો લાભ આપ્યો છે. શામળાજીથી દક્ષિણ ગુજરાતને ફોર લાઈન રોડથી જોડવામાં આવ્યા છે. પીએમે જણાવ્યું હતું કે શામળાજી મંદિરનો જિર્ણોદ્ધાર કરવાનો મને મોકો મળ્યો એ મારું નસીબ રહ્યું. તેમણે વિજયનગરમાં પાલ દઢવાવમાં અંગ્રેજોએ આદિવાસી શહીદોનો નર સંહાર કરેલો એમને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી.

### મંકીપોકસના જીવતા વાયરસને શોધવામાં ભારતીય વૈજ્ઞાનિકોને સફળતા

આ ઉપરાંત વાયરસની મદદથી મંકીપોકસના ઈલાજ માટેની 'લાઈન' પણ નિશ્ચિત કરી શકશે તથા આ વાયરસ કઈ રીતે ફેલાય છે તે અંગે પણ એક લાઈન નિશ્ચિત થશે. કોવિડ કાળમાં વેકસીન શોધવામાં ભારતે વિશ્વના અનેક દેશો કરતા વધુ સારી સફળતા મેળવી છે અને આ વધુ એક સારી ઉપલબ્ધી છે. હવે આ વાયરસના સેમ્પલથી લેબમાં અનેક આ પ્રકારના વાયરસ લેબમાં સર્જન કરાશે તથા તેના શેર વધુ અભ્યાસ કરીને મંકીપોકસની ગંભીરતા પણ પારખી શકાશે.(૯)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

### કુંવરજી બાવળિયાનો ઓડીયો વાયરલ થતાં ભાજપમાં ખળભળાટ

ફેવર કરી હતી અને બોઘરાને કહી દીધું હતું કે, જસદણની ટિકિટ માગવી નહીં, આ વાત સાંભળીને ઉપસ્થિત સૌ કોઈ દંગ રહી ગયા હતા. ઉલ્લેખનીય છે કે, પાટીલે સોઇ ઝાટકીને કહી દેતા કુંવરજી બાવળિયાનો રસ્તો ખુલ્લો થઈ ગયો છે અને જસદણ-વીંછિયા બેઠક પર તેમને ટિકિટ આપે તો નવાઈ નહીં. સંભાવના એવી પણ છે કે ડો. ભરત બોઘરાને કોઇ બીજી મોટી જવાબદારી આપવામાં આવી શકે છે.. ત્યારે હાલ તો આ કથિત ઓડિયો ક્લિપ સ્થાનિક રાજકારણમાં ચર્ચાનો વિષય બની છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### વેસ્ટ ઈન્ડિઝમાં ટીમ ઈન્ડિયાની ધમાલ

સિરાજ અને શાર્દૂલ ઠાકુરના બોલિંગ સ્પેલની મદદથી ભારતે ક્વિન્સ પાર્ક ઓવલમાં વરસાદથી પ્રભાવિત ત્રીજી અને અંતિમ વન-ડે મેચમાં વેસ્ટ ઈન્ડિઝને ૧૧૯ રને કચડ્યું છે.આ પહેલાં ભારતીય ટીમ ક્યારેય પણ ત્રણ અથવા વધુ વન-ડે મેચની શ્રેણીમાં વિન્ડિઝ વિરુદ્ધ ક્લિનસ્વિપ કરી શકી નથી. ભારતે ઘરઆંગણે આ વર્ષની શરૂઆતમાં વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ ક્લિન સ્વિપ કર્યું હતું અને વેસ્ટ ઈન્ડિઝને તેની જ ધરતી પર ૩-૦થી કચડીને ઈતિહાસ રચ્યો છે. ભારતીય ઓપનિંગ બેટર શિખર ધવન વિન્ડિઝમાં વન-ડે ક્લિનસ્વિપ કરનારો પ્રથમ કેપ્ટન બન્યો છે. ભારત એક કેલેન્ડર યરમાં કોઈ ટીમનો ડબલ વ્હાઈટવોશ કરનારી ત્રીજી ટીમ બની છે. તેના પહેલાં ઝીમ્બાબ્વે અને બાંગ્લાદેશે આ કમાલ કરી છે.(૯)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

# ખાણીપીણીના મોટા બે સ્ટોલની ૭.૩૦ લાખમાં ફાળવણી

## લોકમેળામાં પ્લોટની હરાજીનો પ્રારંભ





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જન્માષ્ટમીનો મેળો આગામી તા.૧૭ ઓગસ્ટથી રેસકોર્સ ખાતે શરૂ થવા જઈ રહ્યો છે. વહીવટી તંત્ર દ્વારા ગત રોજ સ્ટોલના ડ્રો બાદ ખાણીપીણી, યાંત્રિક તેમજ આઈસ્ક્રીમના પ્લોટની હરાજી અનુસ્નાધાને આજે ખાણીપીણીના બે સ્ટોલની હરાજી કરવામાં આવી હતી. જેમાં એક સ્ટોલના ૨.૨૫ લાખ તેમજ બીજા સ્ટોલના ૫ લાખ ૫ હજાર મળી કુલ ૭ લાખ ૩૦ હજારમાં ફાળવણી કરવામાં આવી છે. જેની અપસેટ પ્રાઈઝ રૂ. ૨ લાખ રાખવામાં આવી હતી.

આજે સાંજે રમકડાના ૩૨ સ્ટોલની હરાજી કરવામાં આવશે. તેમજ આવતીકાલે તા.૨૯ ના રોજ યાંત્રિક આઈટમના ૪૪ તેમજ તા. ૩૦ ના રોજ આઈસ્ક્રીમના ૧૬ પ્લોટની હરાજી દ્વારા ફાળવણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમ પ્રાંત અધિકારી કે.જી. ચૌધરીએ જણાવ્યું છે.

રાજકોટના જન્માષ્ટમીના લોકમેળા માટે જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુના હસ્તે ગઈકાલે બુધવારે કમ્પ્યુટરાઇઝ્ડ સોફ્ટવેરના માધ્યમથી ડ્રો કરીને ૨૪૪ સ્ટોલ્સની ફાળવણી કરવામાં આવી હતી. મેળા માટે પાંચ કેટેગરીમાં ૧૭૪૯ અરજીઓ આવી હતી. જેની સામે ૨૪૪ સ્ટોલ્સ ફાળવાયા હતા.

રાજકોટ લોકમેળા અમલીકરણ સમિતિના અધ્યક્ષ અને પ્રાંત અધિકારીની કચેરી ખાતે, કમ્પ્યુટરાઇઝ સોફ્ટવેરના માધ્યમથી સ્ટોલ્સની ફાળવણી માટેના ડ્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકમેળા સમિતિના અધ્યક્ષ જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુ, નિવાસી અધિક કલેક્ટર કેતન ઠક્કર, પ્રાંત અધિકારી કે.જી. ચૌધરી, પ્રાંત અધિકારી ડો. સંદીપ વર્મા, ગ્રામીણ પ્રાંત અધિકારી વિરેન્દ્ર દેસાઈ સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ, સ્ટોલ્સ માટે અરજી કરનારા અરજદારો વગેરેની હાજરીમાં કમ્પ્યુટરાઈઝ સોફ્ટવેરથી બુધવારે ડ્રો કરવામાં આવ્યો હતો.

### કાલે યાંત્રિક આઈટમના ૪૪, તા.૩૦મીએ આઈસ્ક્રીમના ૧૬ પ્લોટની ફાળવણી કરાશે

## રાજકોટ જિલ્લાની ૧૦૮ સેવાની ઉત્કૃષ્ટ કામગીરીની રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૮: ૧૦૮ની સેવા જી.વી.કે. ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ ઇન્સ્ટીટયુટ અને ગુજરાત સરકારની લોક ભાગીદારીથી આજે આરોગ્ય સેવા વિશ્વાસ અને ચોક્ક્સાઈનો પયાર્ય બની ગયો છે. ૧૦૮ની ઈમરજન્સી સેવા ૨૪×૭ રાજ્યભરમાં પુરી પાડવામાં આવી રહી છે. તાજેતરમાં જ રાજકોટ જિલ્લાની ૧૦૮ સેવાની ઉત્કૃષ્ટ કામગીરીની નોંધ રાષ્ટ્રીય કક્ષાએ લઈ ટીમને બિરદાવવામાં આવી હતી. આ તકે જી.વી.કે. ઈમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ ઇન્સ્ટીટયુટ દ્વારા રાજકોટ જિલ્લામાં ૧૦૮માં ફરજ બજાવતાં શ્રી રોહિતભાઈ વાળાને તેમની વિશિષ્ટ કામગીરી બદલ હૈદરાબાદ ખાતે સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ૮ કિલો ગાંજાના ગુનામાં સંડોવાયેલા આરોપી જામીન મુક્ત



એડવોકેટ: રણજીત પટગીર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

શહેરમાંથી ૮ કીલો ગાંજાના ગુનામા સંડોવાયેલા આરોપીની જામીન અરજી અદાલતે મંજુર કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટ તાલુકા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમા હતો. તે દરમિયાન સયાજી હોટલ પાસે પ્રધુમન ગ્રીનસીટી બીલ્ડીંગના પાછળ રોડ ઉપર એક શખ્સ પોતાના પગ પાસે એક થેલા સાથે શંકાસ્પદ હાલતમાં ઉભો હોવાની બાતમીના આધારે ઇલેક્ટ્રિશીયન યુનુસ બહાદુરભાઈ સુમરા (રહે. ગઢડા) ૮ કીલો ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધો હતો. રીમાન્ડ દરમીયાન આ ગાંજો રાજકોટના રમજાન નામનો શખ્સ આપવા આવ્યો હોવનું ખુલતા રમજાન રહીમભાઈ શેખની અટક કરી જેલ હવાલે કર્યો હતો. આરોપી

રમજાન શેખે પોતાના એડવોકેટ મારફત જામીન મુક્ત્ત થવા માટે રાજકોટ સ્પેશ્યલ એન.ડી.પી.એસ કોર્ટ સમક્ષ જામીન મુક્ત્ત થવા માટે જામીન અરજી કરી હતી. જે અરજી ચાલી જતા આરોપી વતી રોકાયેલા વકીલે કરેલી દલીલ તેમજ જામીન અરજી સંદર્ભે હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાનમા રાખી કોર્ટ દ્વારા આરોપીને જામીન મુક્ત કરવા હુકમ ફરમાવ્યો હતો.

આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ રણજીત એમ. પટગીર અને સાહીસ્તાબેન એસ. ખોખર રોકાયા હતા.

## શહેર ભાજપ અગ્રણી મયુર શાહનો આજે જન્મદિવસ



રાજકોટ: રાજકોટમાં ભવ્યાતિ ભવ્ય રીતે ઉજવાતા ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવ સમિતિના સદસ્ય, શ્રી પંચનાથ સાર્વજનિક મેડિકલ ટ્રસ્ટના માનદમંત્રી અને જાણીતા જૈન શ્રેષ્ઠી અને જીવદયા પ્રેમી શ્રી મયુરભાઈ શાહનો આજે જન્મદિવસ છે. મયુરભાઈ શાહ ભૂતકાળમાં જૈન સોશિયલ ગ્રુપ- રાજકોટ મીડટાઉનના પ્રમુખ તરીકે બેનમૂન સેવા આપી ચૂક્યા છે. સંગીત, વાંચતા અને પ્રવાસનો શોખ ધરાવનાર અને અનેકવિધ સેવાકીય-સામાજીક સંસ્થાઓ જેવી કે શ્રી પંચનાથ મહાદેવ ટ્રસ્ટ અને શ્રી પંચનાથ એનિમલ હોસ્પિટલમાં ચેરમેન તરીકે તેમજ જૈનમ, જૈન ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન, વિશ્વ વણિક સંગમ, શ્રી માળી જૈન સમાજ, દીકરાનું ઘર-વૃધ્ધાશ્રમ, ફિલ્ડમાર્શલ બ્લડ બેંક, સ્થાનકવાસી જૈન શેઠ ઉપાશ્રય સાથે સંકળાયેલા છે. ભારતીય જનતા પક્ષમાં સતત બે ટર્મમાં કોષાધ્યક્ષ તેમજ રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ સદસ્ય, લોકસભાનાં ઉમેદવારના ત્રણવાર અંગત મદદનીશ તરીકેની જવાબદારી સક્રિયતાથી સંભાળેલ હતી. ઉપરાંત રાજકોટ ડિસ્ટ્રીકટ ટેલીકોમ એડવાઈઝરી બોર્ડનાં સદસ્ય તરીકે સતત બે ટર્મમાં સેવા આપી ચુકેલ છે. હાલમાં તેઓ ગુજરાત રાજયનાં ચાઈલ્ડ રાઈટ્સ કમિશનનાં ડિરેકટર તરીકે ઉત્કૃષ્ટ સેવા આપી ચુકેલ છે. મયુરભાઇ શાહને મોબાઇલ:- ૯૩૭૪૧૦૦૦૭૫, ૯૪૨૮૨૦૦૦૭૫ ઉપર અનરાધાર વર્ષા થઇ રહી છે. સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી મયુર શાહને જન્મદિવસની ખૂબ- ખૂબ શુભકામનાઓ...

## પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટના કશ્યપ દવેએ C.A ની ફાઈનલ પરીક્ષા પાસ કરી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

તાજેતરમાં બહાર પડેલ સી.એ.ના રિઝલ્ટમાં પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટના કશ્યપ અરવિંદભાઈ દવેએ ઝળહળતી સિદ્ધિ મેળવી C.A. ની ફાઇનલ પરીક્ષા પાસ કરી છે.

જ્ઞાનપ્રબોધિનિ પ્રોજેક્ટ અંતર્ગત સને ૨૦૧૨-૧૩ની બેચમાં પસંદ થયેલ દવે કશ્યપ એક ચોક્કસ ધ્યેયને વરેલ. કશ્યપ દવેએ CPT અને ઇન્ટરમીડીએટ પતંજલિ સ્કૂલમાંથી કરેલ જ્યારે CA ફાઇનલ માટે ઓનલાઇન શિક્ષણ મેળવેલ. આજે CA Final પાસ કરનાર કશ્યપ દવે ઇન્ટરનેશનલ દરજ્જાની કંપનીમાં ફરજ બજાવવાનો ગોલ ધરાવે છે. આ સિવાય પણ જ્ઞાન પ્રબોધિનિ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓ ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી ડોક્ટર, એન્જીનિયર, ફાર્મસિસ્ટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, પ્રોફેસર જેવા ક્ષેત્રોમાં કારકિર્દી બનાવી પોતાના પરિવારના તારણહાર બન્યા છે.

ટ્રસ્ટના જ્ઞાનપ્રબોધિનિ પ્રોજેક્ટનાં કશ્યપ દવેને ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીએ, મહેશભાઈ ભટ્ટ, ડો.મેહુલભાઈ રૂપાણી, અમીનેશભાઈ રૂપાણી ઉપરાંત કમિટી મેમ્બર્સ સી. કે. બારોટ, જયેશભાઈ ભટ્ટ, હસુભાઈ ગણાત્રા, ભારતીબેન બારોટ, હિંમતભાઈ માલવીયા, ગીતાબેન તન્ના, મીરાબેન મહેતા, ઉપરાંત વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટે અભિનંદન પાઠવ્યા છે. કશ્યપ દવેએ CA ફાઇનલ કરતાં આજે તેમણે પોતાનાં પરિવારનું, સ્કૂલનું તથા પુજીત રૂપાણી ટ્રસ્ટનું નામ રોશન કરેલ છે.

## ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સજા



એડવોકેટ: રીતેષ કોટેચા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

ચેક પરત ફરતા નજરમામદ નુરમામદ કાનીયાને એક વર્ષની સજા અને ચેકની રકમ રૂ.૭૪,૪૨૦ વળતર પેટે રકમ ન ચૂકવે તો વધુ ૨ માસની સજાનો હુકમ અદાલતે કર્યો છે. શહેરના જામનગર રોડ, ગાયત્રીધામમાં કૃષ્ણ કોમ્પલેક્ષમાં આવેલ ભાગ્યલક્ષ્મી ક્રેડિટ કો. ઓ. સોસાયટી લી.માંથી આરોપી નજરમામદએ સભ્ય દરજ્જે લોન લીધેલી, જેની બાકી રકમ ચૂકવવા ચેક આપેલો, જે રિટર્ન થતા મંડળીએ કોર્ટમાં ફરિયાદ કરેલી, જે કેસ ચાલી જતા ફરિયાદી પક્ષના વકીલે કરેલી રજુઆત, લેખિત-મૌખિક દલીલો અને પુરાવા તેમજ રજૂ રાખેલા ચુકાદા ધ્યાને લઇ કોર્ટે આરોપીને ૧ વર્ષની સજ અને ચેકની રકમ રૂ.૭૪,૪૨૦ વળતર પેટે ફરિયાદીને બે માસમાં ચુકવવા અને ન ચુકવે તો વધુ ચાર માસની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં મંડળી વતી રાજકોટના ધારાશાસ્ત્રી રીતેષ. એસ. કોટેચા, જય કોટેચા રોકાયેલા હતા.

## ૪૨ વર્ષ પૂર્વ છેતરપીંડીના કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો



એડવોકેટ: રાહુલ મકવાણા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

ખોટા સાટાખત - દસ્તાવેજો બનાવી લોકોને પ્લોટનું વેચાણ કર્યાના છેતરપીંડીના કેસમાં ૪૨ વર્ષ બાદ ચુકાદો આવ્યો છે અને કોર્ટે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે. આ કેસની વિગત મુજબ મુંબઈના અમૃતલાલ દુર્લભજી લાખાણીએ ૧૯૬૨માં હસન અલીભાઇ એન્ડ સન્સના નામની ચાલતી ભાગીદારી પેઢી પાસેથી રાજકોટમાં પોતાના પુત્ર હર્ષદભાઈના નામે પ્લોટ ખરીદેલો, જે આરોપીએ ખોટા સાટાખતના આધારે વેચાણ કરેલો જેની જાણ વર્ષ ૧૯૮૧માં થતાં અમૃતલાલે જ્યોત્સનાબેન વ્રજલાલ નિમાવત તથા ચંદુલાલ અગ્રાવત સામે ફરિયાદ આપતા સી. ડિવિઝન પોલીસે આઈપીસી કલમ ૬૪૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦, ૧૨૦ (બી) વિગેરે મુજબ ગુનો નોંધ્યો હતો અને આરોપીઓની ધરપકડ કરીને ચાર્જશીટ કરેલ, જે કેસ ચાલી જતા ફરિયાદ પક્ષે ૧૦ સાહેદોની જુબાની કોર્ટમાં નોંધવામાં આવી. અને ૪ જેટલા લેખિત પુરાવા રજૂ કરવામાં આવ્યા. આરોપીઓને વકીલે દલીલ કરેલી કે, જે દસ્તાવેજો, સાટાખટ રજુ થયેલ છે તે ખોટા છે તે બાબતે કોઈ દસ્તાવેજ એફ.એસ. એલ.માં રજુ રાખેલ નથી કે ખોટા છે તે બાબતે કોઈ પુરાવો રજુ નથી તથા વિવિધ હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ટાંકીને ધારદાર દલીલ કરતાં કોર્ટે દલીલો માન્ય રાખીને ૪૨ વર્ષ પહેલા નોંધાયેલ ગુનામાં તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવીને છોડી મુકવા હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપીઓ વતી રાજકોટના યુવા એડવોકેટ રાહુલ બી. મકવાણા, ભાર્ગવ ડી. બોડા, રવિ વી. રાઠોડ, અશ્વિન ડી. પાડલીયા રોકાયેલા હતા.

### સરકાર અને સામાજીક સંસ્થાઓનો મળ્યો સહયોગ

## રાજકોટની યુવતીને નવા હૃદય-ફેફસાથી નવજીવન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

વિલપાવર અને કોન્ફિડન્સ થકી મૃત્યુને સતત હાથતાળી આપી જવલ્લેજ જોવા મળતા કેસમાં શરીરમાં અતિ ઉપયોગી એવા બે ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની સફળ સર્જરી બાદ નવજીવન પ્રાપ્ત કરતી રાજકોટની હેતલ રાયચૂરાને કુદરતની સાથે મળ્યો માનવતાનો સાથ અને સંવેદનશીલ સરકારની સહાય.

સામાન્ય પરિવારમાંથી આવતી ૨૮ વર્ષીય હેતલ જણાવે છે કે, મારુ જીવન ખૂબ સરસ રીતે વ્યતીત થતું હતું, પરંતુ વર્ષ ૨૦૧૪ થી મારુ સ્વાસ્થ્ય બગાડ્યું. બોલવા-ચાલવા સહીત મને થાક લાગતો. મને શ્વાસની તકલીફ થવા લાગી. અનેક ડોકટર્સનું કન્સલ્ટિંગ કરાયું. નિદાન ઉપચાર ચાલતા પણ સ્વાસ્થ્ય સારું નહોતું થયું.

**હવે અંગદાન જનજાગૃતિ અર્થે સમાજસેવામાં જીવન સમર્પિત કરવાનો યુવતી હેતલ રાયચુરાનો સંકલ્પ**

મને એક વર્ષ પહેલા હૃદય અને ફેફસાની તકલીફને કારણે ટ્રાન્સપ્લાન્ટ ફરજીયાત હોવાનું ડોક્ટર દ્વાર જણાવાયું. જેના માટે રૂ. ૪૦ લાખ જેટલો ખર્ચ થશે તેમ હૈદરાબાદની ક્રિમ્સ હોસ્પિટલ દ્વાર જણાવાયું. આમ છતાં મેં કે મારા પરિવારે હિંમત નો હારી.

કુદરત હંમેશા ન્યાય કરતો હોઈ છે, મારા પરિવારની મદદે રાજકોટના એક કર્મનિષ્ઠ ડોકટરે મદદ કરવાનું બીડું ઝડ્પ્યું. સાથોસાથ મીડિયાએ મારી તકલીફને વાચા આપી.જેના પરિણામે મુખ્યમંત્રી રિલીફ ફંડમાંથી મને રૂ. ૧૦ લાખ તેમજ અન્ય સામાજિક સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થતા રૂ. ૪૦ લાખનું ફંડ એકત્રિત થયાનું અને સર્જરીની જર્ની તેમજ ઓર્ગન ડોનેશનનું મહત્વ હાલ રાજકોટ પરત હેતલે સમજાવ્યું.

હેતલ તેની જર્ની અને નવજીવન બાદના સપનાઓ વિષે વાત કરતા કહે છે કે, છેલ્લા ૬ મહિનામાં માનવ અંગોનું મહત્વ સમજાયું છે. લોકો અંગદાન કરી અન્યને મદદરૂપ બને તે માટે જાગૃતિ અર્થે આવનારા સમયમાં કામ કરવાનો સંકલ્પ હેતલે કર્યો છે. હેતલની ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની જર્ની એક ચમત્કાર હોવાનું પરિવારજનો અને તેમની સાથે સંકળાયેલા ડોક્ટરનું કહેવું છે. હેતલના સદનસીબે તેમને સમય કરતા વહેલા ઓર્ગન બેન્કમાંથી હૃદય અને ફેફસા મેચ થયા. સફળ સર્જરી, પ્રિકોશનને કારણે માત્ર ત્રણ મહિનામાં જ તેમને રજા આપવામાં આવી. હાલ હેતલ આઈસોલેટેડ રહી વિવિધ એક્સરસાઇઝ સાથે અન્ય ત્રણ મહિના સુધી ઓબ્જઝર્વેશનમાં જ રહેશે.

### શ્રી સમસ્ત પીપળીયા પરિવાર દ્વારા

## સમાજના દીકરા-દીકરીઓનું કરાયું સન્માન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
સુરત, તા.૨૮

સુરતમાં મલ્ટી પર્પઝ હોલ ખાતે શ્રી સમસ્ત પીપળીયા પરિવાર દ્વારા સ્નેહમિલન તેમજ ઇનામ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની અંદર પીપળીયા પરિવારના પ્રમુખ ડો. મનોજભાઈ પીપળીયા ઉપપ્રમુખ નરોત્તમભાઇ પીપલીયા તેમેજ કમિટીના સભ્યો સાથે રહીને સારા ક્રમાંક પ્રાપ્ત થયેલા દીકરા તેમજ દીકરીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને સમાજ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

### રાજકોટના સરદાર ભવન ખાતે તા.૬ ઓગસ્ટે વિશિષ્ટ સેમિનાર

## ખોડલધામના માધ્યમથી યુવાનોને હવે રાજકીય કારકિર્દી ઘડવાની તક



**ખોડલધામ યુવા રાજનૈતિક નેતૃત્વ સંગઠનની નવતર પહેલમાં તમામ સમાજ–જ્ઞાતિના યુવાનો જોડાઈ શકશે**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ હંમેશા લોક ઉપયોગી અને સેવાલક્ષી કાર્ય છે. હવે ખોડલધામ પોતાની યશકલગીમાં એક નવીનતમ પીછું ઉમેરશે અને રાજકીય કારકિર્દીના માધ્યમથી યુવાનના સ્વપ્નને સાકાર કરશે.

સરદાર પટેલ કલચરલ ફાઉન્ડેશન અને ખોડલધામના નેજા હેઠળ રાજકીય કારકિર્દી ઘડવા માંગતા સર્વ સમાજ અને સર્વ જ્ઞાતિના યુવાનો માટે ખોડલધામ યુવા રાજનૈતિક નેતૃત્વ સંસ્થા રૂપે એક નવીનતમ પહેલ શરૂ થઈ રહી છે. જ્યારે એક સામાન્ય વ્યક્તિ સરપંચથી લઈને સંસદ સભ્ય બનવાનું લક્ષ્યને સેવે છે. સ્વપ્નને સાકાર કરવા માટે ખોડલધામ પૂર્ણ રીતે સહયોગ કરશે. આગામી તારીખ ૬ ઓગસ્ટને શનિવાર ના રોજ બપોરે ૩ થી ૬, સરદાર પટેલ ભવન, ન્યુ માયાણીનગર, માલવિયા પોલીસ સ્ટેશન વાળી શેરી, મવડી રોડ, રાજકોટ ખાતે વિશિષ્ટ રાજકીય કારકિર્દી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં સર્વ સમાજના યુવાનોને ભાગ લેવા અનુરોધ કરાયો છે. વ્યવસ્થાના ભાગ રૂપે રજિસ્ટ્રેશન મો. ૭૦૬૯૯ ૨૯૨૯૭ કરાવવું જરૂરી છે.આગામી સમયમાં ધારાસભ્યથી લઈ સંસદ સભ્ય સુધીના વ્યક્તિઓના સંવાદો ગોઠવવામાં આવશે. જેમાં સફળ થયેલા ધારાસભ્યો અને સાંસદ સભ્યો યુવાનોને રાજકારણમાં આવવા માટે પ્રેરિત કરશે અને એમના માધ્યમથી આ શહેરને, રાજ્યને અને દેશને એક સરદાર વલ્લભભાઈ પટેલની પરંપરાને આગળ વધારે તેવા મજબૂતને કદાવર નેતાઓ મળે તેવા પ્રયત્નો હાથ ધરાશે. તેમ જણાવ્યું છે.

## ખાંભાના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં નિષ્ણાંત તબીબોની જગ્યા ખાલી

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી, તા.૨૮

ખાંભા તાલુકા મથકમાં આવેલ સીએચસીમાં ડોકટરોની ઘટના કારણે સુવિધાના બદલે દુવિધા વધુ જોવા મળી રહી છે. ગુજરાત સરકારના પછાત તાલુકામાં ગણાતા ૫૭ ગામના ખાંભા તાલુકાને બબ્બે ધારાસભ્યો હોવા છતાં તમામ સુવિધાવાળી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં અત્યંત જરૂરી એવા ગાયનેક ડોકટર, આંખના ડોકટર, દાંતના ડોકટરની જગ્યા વરસોથી ખાલી હોવાથી દર્દીનારાયણો ભારે હાલાકીમાં મુકાય રહ્યાં છે. ૨૫ વરસોથી ખાંભા સીએચસીમાં ગાયનેક ડોકટર ન હોવાથી ગર્ભસ્થ મહિલાઓ-સ્ત્રીઓના રોગો સહિત મહિલાઓની બીમારીઓમાં ખાંભા તાલુકામાં સરકારી કે ખાનગી દવાખાનાઓમાં ગાયનેક ડોકટર ન હોવાથી ગરીબ-મધ્યમવર્ગીય પરિવારોને મોંઘા ભાડાનાં વાહનો બાંધી ઉના, રાજુલા, સાવરકુંડલા, મહુવા સુધીના શહેરોમાં મહિલાઓની સારવાર માટે ધકકા થાય છે. તેમજ આ સીએચસીમાં દાંતના ડોકટરની પણ વરસોથી ખાલી જગ્યા હોવાથી દાંતના દર્દીઓને ખાનગી દવાખાનાનો આશરો લઈ તગડી ફી ભરી દાંતની સારવાર કરાવવાની ફરજ પડે છે.

**રાજયના આરોગ્ય મંત્રીએ ખાલી જગ્યા ભરવા સુચના આપવી જરૂરી**

એકાદ વર્ષ પહેલા ખાંભા સીએચસીમાં આંખના ડોકટરની બદલી થતા તેની જગ્યાએ આંખના ડોકટરની નિમણુંક ન થતાં આંખની સારવાર માટે સાવરકુંડલા, રાજુલા, ઉનાના ધકકા ખાવા પડતા હોય.

૫૭ ગામોનાં દર્દીનારાયણોના વ્યાપક હિત ખાતર ખાંભા સરકારી દવાખાનામાં ગાયનેક, ડેન્ટીસ્ટ અને આંખના ડોકટરની નિમણુંક કરવામાં આવે તો ગરીબ-મધ્યમવર્ગીય પરિવારોને વિનામૂલ્યે સારવાર મળે તેવું તાલુકાની જનતાઈચ્છી રહી છે.

**કાલથી શ્રાવણ માસનો પ્રારંભ**

# શિવ મંદિરોમાં ગુંજી ઉઠશે હર હર મહાદેવના નાદ






## બિલ્વાષ્ટકમ્

ત્રિદલં ત્રિગુણાકારં ત્રિનેત્ર ય ત્રિયાધમ્ ।
ત્રિજન્મ પાપસંહાર એક બિલ્વં શિવાર્પણમ્ ॥
ત્રિશાખૈઃ બિલ્વત્રૈશ્ચ હસછિદ્રૈઃ
કોમલૈઃ શુભે ।
શિવપૂજા કરિષ્યામિ એક બિલ્વં
શિવાર્પણમ્ ॥
અખંડ બિલ્વ પત્રેણ પૂજિતે નાન્દિકેશ્વર ।
શુદ્ધન્તિ સર્વ પાપેભ્યો એક બિલ્વં
શિવાર્પણમ્ ॥
શાલિગ્રામ શિલાયેકાં વિપ્રાણાં જાતુ અર્પયેત ।
દન્તકોટિ સહસ્ત્રાણિ વાજપેય શંતાની ય ॥
કોટિકન્યા મહાદાનં એક બિલ્વં શિવાર્પણમ્ ।
લક્ષ્મ્યા સ્તનત ઉત્પન્નં
મહાદેવસ્ય ચ પ્રિયમ્ ॥
બિલ્વ વૃક્ષં પ્રયચ્છામિ એક બિલ્વં
શિવાર્પણમ્ ।
દર્શનં બિલ્વવૃક્ષસ્ય સ્પર્શનં પાપનાશમ્ ।
અઘોર પાપસંહારે એક બિલ્વં શિવાર્પણમ્ ।
મૂલતો બ્રહ્મરૂપાય મધ્યતો વિષ્ણુરૂપિણે ।
અગ્રતઃ શિવરૂપાય એક બિલ્વં શિવાર્પણમ્ ॥

શ્રાવણ માસ શિવશંકર ભોળાનાથની ઉપાસના અને આરાધનાનું પર્વ છે. આ માસમાં ભક્તજનો અનેક રીતે શિવજીની ઉપાસના કરે છે. સવાર-સાંજ શિવમંદિરોમાં ભક્તો દ્વારા જળાભિષેક, દુગ્ધાભિષેક, ચંદનાભિષેક સહિત અનેક પ્રકારના અભિષેક કરીને ભગવાન ભોળાનાથને રીઝવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ક્યાંક ક્યાંક ભક્તો દ્વારા શિવજીને પ્રસન્ન કરવા માટે ગંગાજળથી પણ અભિષેક કરાય છે. ઘણાં મંદિરોમાં પ્રાતઃકાળથી રૂદ્રાભિષેક કરવામાં આવે છે. રૂદ્રાભિષેકમાં ગંગાજળ, દૂધ, પંચામૃત ચઢાવવામાં આવે છે. શ્રાવણ માસ દરમિયાન અખંડ દીવો પણ રાખવામાં આવે છે. જે લોકો આધિ-વ્યાધિ-ઉપાધિથી પીડાતા હોય, જીવનમાં અનેક પ્રકારનાં કષ્ટ-મુશ્કેલીઓ આવી પડી હોય તેમને શિવપૂજન કે અભિષેક માત્ર કરવાથી શાંતિ મળે છે, શુભફળ મળવા લાગે છે. પોતાની રાશિ અનુસાર શિવલિંગ પર વિવિધ પદાર્થો કે વસ્તુઓનો અભિષેક કરવામાં આવે તો જાતકના જીવનમાંથી કષ્ટો-મુશ્કેલીઓ દૂર થવા લાગે છે.

## જસદણઃ રામચરિત માનસ કથાનું આયોજન



**(કરશન બામટા દ્વારા)** જસદણઃ આટકોટ રોડ ઉપર આવેલ તાત્કાલિક હનુમાનજીની જગ્યા પર રામચરિત માનસ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. વિગતો અનુસાર, ખારી હનુમાનજી મંદિરે આવતીકાલે રામચરિત માનસ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથામાં આવતીકાલે ભવ્ય પોથીયાત્રાનું આયોજન કર્યું છે કથામાં આવતા પ્રસંગ ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. જેમાં રામ જન્મ, રામ વિવાહ સબરી પ્રસંગ, રામેશ્વર પૂજા સહિતના પ્રસંગો ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. ત્યારે દરેક ભક્તજનોને પધારવા ભરતદાસ બાપુની એક યાદીમાં જણાવ્યું છે અને વ્યાસપીઠ ઉપર લાલદાસજી બાપુ કથાનું રસપાન કરાવશે.

### રાજકોટના અલગ-અલગ વિસ્તારોમાં આખો શ્રાવણ માસ આયોજન

# કાલથી દરરોજ સવાલક્ષ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અનુષ્ઠાન

### રીબડા ગુરૂકુળ ખાતે આવતા મહિને ૨૬મીએ મહામંત્ર ધૂન અને તા.૨૭મીએ ગુણાનુવાદ સભાનું પણ આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાન (એસજીવીપી) ગુરૂકુળ- રીબડા (રાજકોટ) દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં પૂજ્ય જોગી સ્વામિની ૧૧મી પુણ્યતિથિ પ્રસંગે દિવ્ય મહામંત્ર અનુષ્ઠાન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજકોટના વિવિધ વિસ્તારોમાં દરરોજ સાંજે ૯ વાગ્યે સવાલક્ષ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અનુષ્ઠાન કરવામાં આવશે. જેનો પ્રારંભ આવતીકાલે તા.૨૯ મી જુલાઈએ શુક્રવારે શ્રાવણ વદ-૧ ના પાવન દિવસે થશે અને પુર્ણાહુતી તા.૨૭મી ઓગસ્ટે શનિવારે શ્રાવણ વદ અમાસના દિવસે થશે. પૂજ્ય ગુરૂવર્ય શ્રીમાધવપ્રિયદાસજી સ્વામિની પ્રેરણાથી પૂજ્ય સદ્‌ગુરૂ પુરાણી શ્રીબાલકૃષ્ણદાસજી સ્વામીનાં માર્ગદર્શન હેઠળ શ્રાવણ માસ દરમ્યાન મહામંત્ર અનુષ્ઠાનની થનાર ઉજવણીમાં રીબડા ગુરૂકુળથી સંતો પધારશે. આવતા મહિને તા.૨૬મી ઓગસ્ટે શુક્રવારે રીબડા ગુરૂકુળ ખાતે પૂ. જોગી સ્વામિની પુણ્યતિથિ નિમિતે સાંજે ૫ થી ૧૦ વાગ્યા સુધી મહામંત્ર, ધૂન તથા તા.૨૭મીએ બપોરે ૧ થી ૭ વાગ્યા સુધી મહામંત્ર ધૂન અને સાંજે ૭ વાગ્યે ગુણાનુવાદ સભાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આખા શ્રાવણ માસ દરમ્યાન રાજકોટના વિવિધ વિસ્તારોમાં દરરોજ રાત્રે ૯ વાગ્યે સવાલક્ષ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અનુષ્ઠાન થનાર છે. તેમાં આવતીકાલે તા.૨૯મીએ શુક્રવારે પ્રથમ દિવસે મવડી રોડ પર સ્વાશ્રય સોસાયટીમાં પરસોતમભાઈ બોડાને ત્યાંથી પ્રારંભ થશે. બાદમાં તા.૩૦મીએ નીતિનભાઈ સભાયા (શિવધારા સોસાયટી, કુવાડવા રોડ), તા.૩૧મીએ અલ્પેશભાઈ લુણાગરિયા (રણછોડનગર-૨૧), તા.૧લી ઓગસ્ટે સોમવારે વલ્લભભાઈ વેકરીયા (સરદારનગર), તા.૨ ના લક્ષ્મણભાઈ ગજેરા (બેકબોન પાર્ક), તા.૩ ના પ્રવિણભાઈ ગઢીયા (ઉદયનગર), તા.૪ ના રસિકભાઈ બારસીયા (ગોવિંદરત્ન વિલા, નાનામવા સર્કલ), તા.૫મીએ દીપકભાઈ કાચા (ગીતાનગર-૧), તા.૬ ના રાજેશભાઈ કાગોડીયા (પેલેસ રોડ), તા.૭મીએ અમૃતભાઈ બારસીયા (ગુંદાસર), તા.૮મીએ પરસોતમભાઈ રૂપારેલીયા (પંચવટી સોસાયટી), તા.૯મીએ ઘનશ્યામભાઈ રૂપાપરા (મધુવન પાર્ક-૧), તા.૧૦મીએ હરિભાઈ વેકરીયા (પટેલનગર), તા.૧૧મીએ વિનુભાઈ પાટડીયા (દિવાનપરા-૩), તા.૧૨મીએ મયુરભાઈ વિરડીયા (પંચશીલ સોસાયટી), તા.૧૩મીએ યોગેશભાઈ વઘાસિયા (મધુરમ પાર્ક), તા.૧૪મીએ રમેશભાઈ વેકરીયા (પપૈયાવાડી), તા.૧૫મીએ મવડી સંસ્કાર કેન્દ્ર, તા.૧૬મીએ સાગરભાઈ કોરાટ (બેકબોન પાર્ક), તા.૧૭મીએ અશ્વિનભાઈ પીપળવા (ચિત્રકૂટ સોસાયટી), તા.૧૮મીએ અશ્વિનભાઈ વઘાસિયા (ગરનાળા), તા.૧૯મીએ રીબડા ગુરૂકુળ, તા.૨૦મીએ લક્ષ્મણભાઈ આદ્રોજા (ધર્મજીવન સોસાયટી-૩), તા.૨૧મીએ હરિસિંહ ગોહિલ (સરદારનગર-૩), તા.૨૨મીએ પરસોતમભાઈ મારડિયા (જીવરાજ પાર્ક), તા.૨૩મીએ મધુભાઈ દોંગા (અમિન માર્ગ, કિંગ હાઈટ્સ), તા.૨૪મીએ અને ૨૫મીએ વાવડી સંસ્કાર કેન્દ્ર ખાતે મહામંત્ર અનુષ્ઠાન થશે. તેમ જણાવ્યું છે.

**॥ મૃત્યુંજય મહાદેવ ત્રાહિમામ શરણાગતમ જન્મ મૃત્યુ જરાવ્યાધિ પીડિતમ કર્મ બંધનેનઃ ॥**


(તસવીરઃ દિલીપ ગોહેલ)

# કોઠારીયા કોલોનીના કોટેશ્વર મહાદેવ મંદિરે ધાર્મિક અનુષ્ઠાનો યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮



**દરરોજ ૧૦૮ દીપદાન દીપમાળા અને ૐકાર મહાઆરતી યોજાશે**

કોઠારીયા કોલોનીના આસ્થાના પ્રતિક સમા કોટેશ્વર મહાદેવ મંદિરે તા.૨૯ ને શુક્રવારના ભગવાન શિવજીનો પવિત્ર માસ શ્રાવણ માસ નિમિતે કોટેશ્વર મહાદેવ મંદિરે ધાર્મિક અનુષ્ઠાનો યોજાશે. ભોળાનાથને રીઝવવા ભાવિકો દ્વારા જલાભીષેક, દુગ્ધાભીષેક, બીલીપત્રમ્, શેરીડીનોરસ, તલ, મધ, ઘી, પુષ્પ, ધતુરો તથા ગુલાબજળ ચડાવવામાં આવશે. અને પૂજન-અર્ચન કરવામાં આવશે. કોટેશ્વર મહિલા મંડળ દ્વારા ધુન-ભજનની રમઝટ બોલવવામાં આવશે. દરરોજ ૭:૩૦ કલાકે ૐકાર મહાઆરતી કરવામાં આવશે સાથે ૧૦૮ દીપદાન દીપમાળા યોજાશે. ચાર સોમવાર ભવ્ય શ્રૃંગાર દર્શન યોજાશે. સમગ્ર મંદિર હર-હર મહાદેવના ગગનચૂંબી નાદથી ગુંજી ઉઠશે. ધર્મપ્રેમી ભાવિકોને દર્શન તેમજ મહાઆરતીનો લાભ લેવા કોટેશ્વર પરિવારના વિક્રમસિંહ જાડેજા મહેન્દ્રસિંહ જાડેજા, બટુકસિંહ જાડેજા, પરેશભાઈ કારીયા, રશ્વીનભાઈ જાદવ, ક્રિપાલસિંહ જાડેજા, સીધ્ધરાજસિંહ પી.જાડેજા, જયભાઈ આસોડીયા, હેમલ ચૌહાણ, વિશાલ ચૌહાણ, શનિ જાદવ, હિતેષભાઈ સોલંકી, હિતેશભાઈ મીસ્ત્રી, પ્રતાપસિંહ જાડેજા, કિરીટસિંહ જાડેજા, દિલીપસિંહ જાડેજા, જયેન્દ્રસિંહ જાડેજા, ધર્મદીપસિંહ જાડેજા, મનોજ મકવાણા, કુલદીપસિંહ ઝાલા, અલ્પેશભાઈ ભીમજીયાણી, અનિરૂદ્ધસિંહ ઝાલા, ધર્મદીપ પરમાર, યશપાલસિંહ ઝાલા તથા રસીકગીરીબાપુ (અતીત) પૂજારી સહિતનાએ અનુરોધ કર્યો છે. તેમ મંદિરની યાદીમાં જણાવેલ છે.

# મોહનધામ આશ્રમ ત્રંબા ખાતે અતિ મહારૂદ્રયજ્ઞનું ભવ્ય આયોજન




**આગામી તા.૨ થી ૬ ઓગસ્ટ સુધી કરાયું આયોજન**



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

'સૌરાષ્ટ્ર ક્રાંતી' ની મુલાકાતે પધારેલા કિરીટભાઈ ગોરસીયા, ભાવેશભાઈ માધાણી, રાજેશભાઈ લોટીયા, દિપકભાઈ લોટીયા, દિપકભાઈ તલાટી, જગદીશભાઈ રૂધાણી અને તેજશભાઈ ગોરસીયાએ જણાવ્યું હતું કે, ભાવનગરના ગારિયાધાર ખાતે રૂપાવટી ગામમાં આવેલ સંતશ્રી શામળાબાપા આશ્રમના મહંત પ. પૂ. સંતશ્રી મોહનદાસબાપા દ્વારા રાજકોટના ત્રંબામાં શરૂ કરવામાં આવેલા મોહનધામ આશ્રમ ખાતે અતિ મહારૂદ્ર યજ્ઞનું ભવ્યાતિ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેમાં સૌ ભક્તોને દર્શન તેમજ મહાપ્રસાદ લેવા ભાવભર્યું આમંત્રણ આશ્રમના સેવકો દ્વારા આપવામાં આવ્યું છે.

વધુમાં જણાવ્યું હતું કે પરમ પૂજય સંતશ્રી શામળા બાપાના આશીર્વાદ તેમજ તેમના શિષ્ય અને આશ્રમના મહંત પરમ પૂજ્ય સંતશ્રી મોહદાસ બાપાની પ્રેરણાથી આશ્રમ દ્વારા અનેક સેવાકીય તેમજ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ કરવામાં આવતી હોય છે જેનો હજારો ભાવિકોને લાભ મળતો હોય છે. જેમાં સ્મશાનમાં સપ્તાહનું આયોજન, મહારૂદ્ર યજ્ઞ, કોરોના સમયમાં ગરીબો માટે ભોજન અને અનાજની વ્યવસ્થા તેમજ મેડિકલ સહાય માટેની વ્યસ્થા જેવી અનેકવિધ સેવાકીય તેમજ આધ્યાત્મિક પ્રવૃતિ કરવામાં આવે છે. આજ રીતે આ પવિત્ર શ્રાવણ માસમાં તા.૨ થી તા.૬ ઓગસ્ટ સુધી ૧૨૧ કુંડી અતિ મહારૂદ્ર યજ્ઞનું સમાજ કલ્યાનાર્થે ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા સૌ ભક્તોને આશ્રમના સેવકો વતી જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

# આજથી દશામાંના વ્રતનો પ્રારંભ




**(મયુર રાવલ દ્વારા)**
હળવદ, તા.૨૮

હળવદમાં અષાઢ વદને ગુરૂવારથી દશામાના વ્રતનો પ્રારંભ થઇ રહ્યો છે, અમાસના રોજ થી ૧૦ દિવસ સુધી દશામાંના વ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે વ્રતધારી બહેનો દ્વારા દશામાંની મૂર્તિનું સ્થાપન કરી પૂજા અર્ચના કરી ઉપવાસ-એકટાણાં કરે છે. હળવદ લીમડાવાળા દશામાનો પરંપરાગત ૧૦ દિવસ સુધી લોકમેળો યોજાય છે જેમાં ભાવિક ભક્તોનું ઘોડાપૂર ઉંટી પડે છે.

આ દિવસોમાં ઘરે, શેરીઓમાં તેમજ ગલ્લીઓમાં દશામાની મૂર્તિ કે સાંઢણીનું વિધિવત સ્થાપન કરવામાં આવે છે. દશ દિવસ સુધી દશામાંનુ ખાસ પૂજન અર્ચન સત્સંગ, આરતી કીર્તન અને પ્રસાદનું વિતરણ કરવામાં આવે છે.દશ દિવસ બાદ દશામાંની મૂર્તિનું તળાવમાં વિસર્જન કરવામાં આવે છે. વ્રતની પૂર્ણાહુતી કરવામાં આવે છે.

# આજથી માં દશામાના વ્રતનો પ્રારંભ, શ્રધ્ધાળુઓમાં ભારે ઉત્સાહ



(તસવીરઃ દિલીપ ગોહેલ)

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટઃ દશામાનું વ્રત અષાઢ વદ અમાસથી શરૂ થાય છે ને દસ દિવસ સુધી ચાલે છે. આ વ્રતમાં માં દશામાની માટીની મૂર્તિ ખરીદીને તેની સ્થાપના કરાઇ છે. દસ દિવસ સુધી માં ની આરાધના સાથે વ્રતધારી મહિલાઓ ઉપવાસ પણ કરે છે. અષાઢ વદ અમાસ ૨૮ જુલાઈ એટલે કે આજના દિવસથી દશામાના પવિત્ર વ્રતનો પ્રારંભ થયો છે. આ વ્રત દસ સુધી ચાલે છે. જેથી ખાસ કરીને મહિલા શ્રદ્ધાળુઓમાં ભારે હર્ષોલ્લાસ જોવા મળે છે. આ વ્રત ૬ ઓગસ્ટે થશે સમાપ્ત થશે. દશમાતા વ્રતના દિવસે પીપળના વૃક્ષની પૂજા મુખ્યત્વે ભગવાન વિષ્ણુના રૂપમાં કરવામાં આવે છે. આ દિવસે સૌભાગ્યવતી સ્ત્રીઓ કાચા સૂતરના ૧૦ તાંતણા બનાવે છે અને તેમાં ૧૦ ગાંઠ બાંધે છે અને પરિક્રમા કરતી વખતે પીપળને તે બાંધી છે. અને પીપળાના ઝાડની પૂજા કરે છે. પૂજા કર્યા પછી ઝાડ નીચે બેસીને નળ દમયંતીની કથા સાંભળે છે. ઉંબરાની પૂજા પણ કરવામાં આવે છે. આ વર્ષે પણ મોટાભાગના લોકોએ માટીની મુર્તિ ખરીદી હતી. જેથી નદી, તળાવમાં વિસર્જન કરવાના બદલે આ વર્ષે પણ લોકો ઘર આંગણે મુર્તિ વિસર્જન કરશે.

## ‘જીનિયસ ગોલ્ડન બેબી લીગ’ આઠ દિવસીય ફૂટબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ

### તા.૩૧ ના રોજ સાઉથ એશિયાના FIFA રીજિયોનલ ઓફિસનાં ડેવલપમેન્ટ મેનેજર પ્રિન્સ રૂક્સની ખાસ ઉપસ્થિતિ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

રાજકોટના જાણીતા જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યૂશન્સ દ્વારા રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશન અને રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના સહયોગથી ‘જીનિયસ ગોલ્ડન બેબી લીગ ૨૦૨૨-૨૩’ આઠ દિવસીય ફૂટબોલ ટુર્નામેન્ટનો કાલાવડ રોડ સ્થિત એક્રોલોન્સ કલબ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટના નામાંકિત મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા. આ ટુર્નામેન્ટના આયોજનનો હેતુ યુવા રમતવીરોની પસંદગી કરવા, તેમને પ્રશિક્ષિત કરવા અને ફુટબોલ ક્ષેત્રે કારકિર્દી માટે સક્ષમ બનાવવાનો છે.

આ કાર્યક્રમાં વિશેષ અતિથિ સ્થાને આર.સી.સી. બેંકના સી.ઈ.ઓ ડો. પરસોતમભાઈ પીપળિયા, એન્જલ પમ્પસ પ્રા.લિ.ના એમ.ડી કિરીટભાઈ આદ્રોજા, આર.ડી.એફ.એ ના વાઈસ પ્રેસિડેન્ટ મુકેશભાઈ બુંદેલા અને એક્રોલોન્સ કલબના બોર્ડ ઓફ ડિરેક્ટર સુદીપ મહેતા પણ ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ મંચ ઉપર બલૂન રિલિઝીંગ કરી અને ફૂટબોલના મેદાનમાં બોલને કિક આપીને ટુર્નામેન્ટનો શુભારંભ કર્યો હતો.

આ આઠ દિવસીય ટુર્નામેન્ટમાં અગામી તા. ૩૧ જુલાઈના રોજ યુવા ખેલાડીઓને પ્રોસાહિત કરવા માટે રોજ FIFA રીજિયોનલ ઓફિસના ડેવલપમેન્ટ મેનેજર (સાઉથ એશિયા) પ્રિન્સ રૂક્સ ખાસ ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમના સફળ આયોજન માટે જીનિયસ સ્કૂલના સ્પોર્ટ્સ એન્ડ કલ્ચરલ હેડ, તેમજ રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશન અને ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનના સભ્ય મનીન્દર કૌર કેશપ, રાજકોટ ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ એસોસિએશનના ઉપપ્રમુખ બી.કે.જાડેજા, સેક્રેટરી રોહિતભાઈ બુંદેલા, ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી જીવનસિંહ બારડ, જોઈન્ટ સેક્રેટરી રાજેશભાઈ ચૌહાણ અને અજયભાઈ ભટ્ટ અને ખજાનચી અમૃતલાલભાઈ પટેલે એ સહયોગ આપ્યો હતો.

આગામી તા. ૩૧ જુલાઇ સુધી ચાલનાર જીનિયસ ગોલ્ડન બેબી લીગ ફૂટબોલ ટુર્નામેન્ટના આયોજન માટે સંસ્થાના ચેરમેન ડી. વી. મહેતા, સીઇઓ ડિમ્પલબેન મહેતાના માર્ગદર્શનમાં જીનિયસ સ્કૂલની ટીમ સાથે રાજકોટ ડિસ્ટ્રીક્ટ ફૂટબોલ એસોસિએશનના સભ્યો તથા રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના મહામંત્રી પરિમલભાઈ પરડવા અને પુષ્કરભાઈ રાવલ તેમજ અન્ય હોદ્દેદારો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

## સોમનાથ-અમદાવાદ-સોમનાથ ટ્રેન ૩૦મીએ રદ્

### વેરાવળ-પુણે એક્સપ્રેસ ટ્રેન પણ ૩૦મીએ વેરાવળથી ૩ કલાક મોડી ઉપડશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

રાજકોટ ડિવિઝનના થાન સ્ટેશન પર ડબલ ટ્રેકના કામ માટે ૩૦ જુલાઈ, ૨૦૨૨ ના રોજ ૧૦ કલાકનો મેગા બ્લોક લેવામાં આવશે, જેના કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થશે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફના જણાવ્યા અનુસાર, જે ટ્રેનોને અસર થશે તેની વિગતો નીચે મુજબ ટ્રેન નં. ૧૯૧૧૯ અમદાવાદ-સોમનાથ ઈન્ટરસિટી તથા ટ્રેન નં. ૧૯૧૨૦ સોમનાથ-અમદાવાદ ઈન્ટરસિટી તા.૩૦ ના રોજ રદ રહેશે. જયારે ટ્રેન નં. ૧૧૦૮૭ વેરાવળ-પુણે એક્સપ્રેસ તા.૩૦ ના રોજ વેરાવળથી તેના નિર્ધારિત સમય કરતાં ૩ કલાક મોડી ઉપડશે. રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેનોના સંચાલનને લગતી નવીનતમ અપડેટ્સ માટે વેબસાઈટની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય નહીં.

## સોમવાર સુધીમાં રાજયમાં વરસાદી નુકશાન અંગે સર્વે પુરો કરાશે



**(એજન્સી સમાચાર)**
ગાંધીનગર,તા.૨૮

રાજયમાં અતિવૃષ્ટિથી કૃષિ પાકને નુકસાન થયું હતું તેવા વિસ્તારોમાં હાલ ૩૩% થી વધુ નુકસાનીનો પ્રાથમિક અહેવાલ સરકારને મળ્યો છે અને આ કામગીરી આવતા સોમવારે એટલે કે એક સપ્તાહની અંદર તમામ ગામડાઓના સર્વે પૂરા કરવાના સ્પષ્ટ આદેશ કૃષિમંત્રી તરફથી આપવામાં આવ્યા છે.

રાજ્યમાં થયેલ ભારે વરસાદ અને અતિવૃષ્ટિથી પ્રભાવિત વિસ્તારોમાં કૃષિ પાકને વ્યાપક નુકશાન થયું હતું. જેને આર્થિક સહાય આપવા માટે સરકારે સર્વે કૃષિ પાકની નુકસાનીનું શરૂ કરાવ્યો હતો. જેના પગલે ગુજરાતના ૪૦૦૦ ગામમાં સર્વે કરવાના આદેશ થયા હતાં જે પૈકી અત્યાર સુધીમાં વરસાદથી પ્રભાવિત ૨૩૦૦ ગામમાં સર્વેની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવ્યો છે. ગુજરાતમાં આવેલા ભારે વરસાદ થી રાજ્યના ૯ જિલ્લામાં ખેડૂતોના કૃષિ પાકને નુકસાન થયું હતું. જેને લઈ સરકારે આર્થિક સહાય ચૂકવાય તે માટે નુકશાની સર્વે કરાવવાનું નક્કી કર્યું હતું

### ૨૩૦૦ ગામડાઓમાં સર્વેની કામગીરી પૂર્ણ કરી કરાઇ

જે પૈકી ૯ જિલ્લાના ૪ હજાર ગામડાઓમાં સર્વેની કામગીરી ચાલી રહી છે. ત્યારે સર્વેની અલગ અલગ ટીમોએ પ્રભાવિત વિસ્તારના ૨૩૦૦ ગામડાઓમાં સર્વેની કામગીરી પૂર્ણ થઈ છે. વિશ્વાસનીય સુત્રો તરફથી મળતી વિગતો મુજબ રાજયના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલે કરેલા સર્વેના આદેશ બાદ હાલની સ્થિતિએ નવ જિલ્લાના ૪૧ તાલુકાના ૩૦૪૩ ગામડાઓમાં ૨૦૭ સર્વે ટીમ દ્વારા સર્વેની કામગીરી ચાલી રહી છે.

જે અંતર્ગત ૯ જિલ્લાના ૪,૩૪,૨૭૫ હેકટર વિસ્તારમાં એટલે કે ૩૩% થી વધુ કૃષિ પાકને નુકસાન થયાનું પ્રાથમિક સર્વેમાં જાણવા મળ્યું છે તો બીજી તરફ છોટા ઉદયપુર અને નર્મદા જિલ્લામાં ડ્રોન દ્વારા કૃષિ પાકની નુકસાની નો સર્વે કરવામાં આવ્યો છે. જેમાં છોટા ઉદયપુરમાં ૪૦૨ હેક્ટર અને નર્મદા જિલ્લામાં ૫૬૧૪ હેક્ટર વિસ્તારમાં સર્વે સંપન્ન થઈ ગયો છે અને આ કામ તમામ કામગીરી આવતા સોમવારે એટલે કે એક અઠવાડિયાની અંદર સો ટકા સર્વે પૂરો કરવાના સ્પષ્ટ આદેશ રાઘવજી પટેલ દ્વારા કરવામાં આવ્યા છે.(૧.૩)

**વાચકોએ નોંધ લેવી**
**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**
**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**

### તા.૩૦મીએ સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલ દ્વારા આયોજન

## SSC પરીક્ષામાં ઉત્તમ પરિણામ મેળવનાર દિવ્યાંગ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અર્પણ કાર્યક્રમ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

સિસ્ટર નિવેદિતા સ્કૂલના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં વાર્ષિક પરીક્ષામાં શ્રેષ્ઠ ગુણાંક અને શ્રેષ્ઠ ગ્રેડિંગ પ્રાપ્ત કરનાર પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓને સન્માનવાનો તથા સમગ્ર રાજકોટમાં એસએસ.સી પરીક્ષામાં વધુમાં વધુ ગુણ પ્રાપ્ત કરનાર દિવ્યાંગ વિદ્યાર્થીને સ્કોલરશીપ અર્પણ કરવાનો કાર્યક્રમ તા.૩૦ ને શનિવારનાં રોજ સાંજનાં ૪ કલાકે ઈન્સ્ટીટ્યુટ ઓફ ક્વોલિટી એજ્યુકેશન ૯, જલારામ પ્લોટ્સ-૨, મહર્ષિ ટાવર સામે યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. કાર્યક્રમમાં વિશેષ અતિથી તરીકે ડો.દર્શિત મપારા અને ડો. ભરત કાકડીયા ઉપસ્થિત રહેશે. તેમ યાદીમાં જણાવ્યું છે.

## શનિવારે નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પિટલ, સી. જે. ગ્રુપ અને શ્રી લાલબહાદુર શાસ્ત્રી કન્યા વિધાલય તા.૩૦ ને શનિવારે સવારે ૯ થી ૧૨ કલાક સુધી શ્રી લાલબહાદુર શાસ્ત્રી કન્યા વિધાલય, ડો. રાધાકૃષ્ણ માર્ગ, સદર બજાર, જુના બંબાખાના પાસે, રાજકોટ ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

કેમ્પમાં રાજકોટ હોમિયોપેથીક મેડિકલ કોલેજ, પારૂલ યુનિવર્સિટી સંચાલિત સાંઈનાથ હોમિયોપેથીક હોસ્પિટલના તજજ્ઞ ડો. હિતાર્થ મહેતા, ડો. કિંજલ મહેતા, ડો.હેતિક્ષા મારકણા, ડો. પલક પરમાર (જનરલ ચેકઅપ) તેમજ દાંતના રોગના નિષ્ણાંત માટે ડો. નિતાબેન ટાંક, ફીઝીયોથેરાપીસ્ટ- જીજ્ઞાશાબેન નિમાવત, લેબોરેટરી ચેકઅપમાં મીસ વિદીશાબેન જોષી અને તેમની ટીમ હઠીલા રોગોનું નિદાન કરી ફ્રી દવા અને લેબોરેટરી ચેકઅપ કરી આપવામાં આવશે. આ કેમ્પમાં રાજકોટની જાહેર જનતાને લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. વધુ માહિતી માટે સી.જે. ગ્રુપ ચિરાગ ધામેચા (મો. નં. ૯૪૨૮૨ ૩૧૨૭૧) પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

## ખંભાળિયામાં વ્રજ ફાઉન્ડેશનનું વૃક્ષારોપણ અભિયાન

### પર્યાવરણ દિવસથી લઈને અત્યાર સુધીમાં જુદા-જુદા સ્થળે ૫૧૦ વૃક્ષોનું રોપણ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૮

વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી અંતર્ગત વ્રજ ફાઉન્ડેશન, સામાજીક વનીકરણ રેન્જ, ખંભાળીયા તથા સામાજીક વનીકરણ વિભાગ, દેવભૂમિ દ્વારકાના સહયોગ અને સંકલનથી ખંભાળીયા તેમજ આજુબાજુની સ્કુલોમાં આર્યુવેદીક વૃક્ષનું વૃક્ષારોપણ કરવાનું આયોજન કરી વૃક્ષારોપણ કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે આજે પણ ચાલુ છે.

અત્યાર સુધીમાં ફાઉન્ડેશન દ્વારા ખંભાળીયામાં (૧) જીવીજી સ્કૂલ કેમ્પસમાં ફાઉન્ડેશનના પ્રમુખ કેશવ કારીયા (૨) ગોપાલભાઈ એચ. નકુમ, એ.ઈ.આઈ., જીલ્લા શિક્ષણ અધિકારીની કચેરી (૩) હરદેવસિંહ જાડેજા, પી.આઈ., એસ.ઓ.જી. (૪) સાવનભાઈ દાવડા, સી.એ. (૫) જલારામ કન્સસટન્સીના માલીક સાગરભાઈ દાવડા દ્વારા વૃક્ષારોપણ કરી આ દિનની ઉજવણી કરી હતી. ત્યારબાદ ફાઉન્ડેશનના સભ્યો દ્વારા (૧) આહિર કન્યા છાત્રાલય, (૨) ડેરા મોરા પ્રાઈમરી સ્કૂલ, (૩) ઝેનીથ સ્કૂલ, (૪) સલાયા વાડી પ્રાથમીક શાળા, (૫) ઘી ડેમ ખાતે, (૬) રામનાથ મહાદેવ મંદિર, (૭) ખંભાળીયા સ્મશાન, આમ ફાઉન્ડેશન દ્વારા અત્યાર સુધીમાં કુલ ૫૧૦ વૃક્ષોનું રોપણ કરેલ છે અને હજુ આ કામગીરી ચાલ રાખવામાં આવી છે. વધુમાં હાલ આ કામગીરી ચાલુ હોય, ખંભાળીયા તેમજ આજુબાજુની ગામની કોઈપણ સરકારી કે પ્રાઈવેલ સ્કુલો આર્યુવેદીક વૃક્ષારોપણ કરાવવાની ઈચ્છા ધરાવતા દરેક એ વ્રજ ફાઉન્ડેશનના વૃક્ષારોપણનું મેનેજમેન્ટ સંભાળતા ડાવાભાઈ સીંધીયાનો ૯૫૭૪૬-૯૬૦૧૫ પર સંપર્ક કરવા જણાવેલ છે.

## રાજકોટ મહાનગરપાલિકા- અધિસુચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ ની કલમ-૨૨ પેટાકલમ-(૧) અન્વયે રચાયેલ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળે તેના તા.૨૨/૦૨/૧૯૭૮ ના ઠરાવ નં.૩ થી રાજકોટ મહાનગરપાલિકાના વિસ્તાર માટે સમુચિત સતામંડળોના કાર્ય બજાવવા રાજકોટ મહાનગરપાલિકાને સતાઓ આપેલ છે.

ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) ની જોગવાઈઓ મુજબ રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભાના તા.૧૯/૦૭/૨૦૨૨ નાં ઠરાવ નં.૧૭ થી ઠરાવ્યા મુજબ નીચે દર્શાવેલ સર્વે નંબરો આવરી લેતા વિસ્તારો માટે મુસદારૂપ નગર રચના યોજના રાજકોટ નં ૩૫-મવડી તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરેલ છે. જે રાજયપત્ર (ગેઝેટ) એકસ્ટ્રા ઓર્ડીનરી ભાગ-II નં.૬૨ પાના નં- ૧૮૫ થી ૧૮૬ તા.૨૬/૦૭/૨૦૨૨ થી પ્રસિધ્ધ થયેલ છે.

**મુસદારૂપ નગર રચના યોજના રાજકોટ નં.૩૫-મવડી**
મવડીનાં રેવન્યુ સર્વે નં.૧૯૪ પૈકી, ૩૦૨ થી ૩૩૪, ૩૩૫ પૈકી, ૩૩૭ પૈકી, ૩૩૮ થી ૩૪૧, ૩૪૨ પૈકી તથા ૩૪૩ પૈકી

આ નકશાની અધિકૃત નકલ ત્રીજો માળ, મલ્ટી એક્ટીવીટી સેન્ટર નાનામવા ચોક ૧૫૦ ફૂટ રીંગ રોડ રાજકોટ મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખાના ટી.પી. યુનિટ ખાતેની કચેરીએ રજા સિવાયના દિવસોએ ઓફિસ સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખવામાં આવેલ છે.

(સહી): અમિત અરોરા
કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

પરિપત્ર નં. ૧૨ આ.નં.૭

જ.બો.ઠ.નં.૧૭ તા. ૧૯/૦૭/૨૦૨૨

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારની સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૫ (મવડી) બનાવવા માટે ઈરાદો જાહેર કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો પત્ર નં.૦૩ તા.૨૬/૦૫/૨૦૨૨ તથા તે પરત્વેનો પ્લા.ક.ઠ.નં. ૦૩ તા.૦૮/૦૭/૨૦૨૨ લક્ષમાં લેવામાં આવે છે.

આ સબંધમાં રિપોર્ટ કરતા કમિશનરશ્રી જણાવે છે કે, રાજકોટ શહેરના વિકસતા વિસ્તારને ધ્યાને રાખીને નગર રચના યોજનાઓ તૈયાર કરવાનું સૈદ્ધાંતિક રીતે રાજકોટ મહાનગરપાલિકાની પ્લાનિંગ કમિટી ઠ.નં.૮ તા.૨૭/૦૯/૨૦૦૪ તથા ઠ.નં.૭ તા.૧૩/૦૧/૨૦૧૦ થી તથા ત્યારબાદ ઠ.નં.૧ તા.૧૭/૦૫/૨૦૧૮થી રાજકોટ મહાનગરપાલિકાની હદમાં સૂચિત નગર રચના યોજનાઓ તૈયાર કરવાનું નવેસરથી ઠરાવવામાં આવેલ છે.

ઉપરોકત ઠરાવો અન્વયે તબક્કાવાર રાજકોટની કુલ-૩૨ નગર રચના યોજનાઓ તૈયાર કરવામાં આવેલ છે. આ ઉપરાંત રાજકોટ મહાનગરપાલિકાની હદમાં સમાવેશ કરાયેલ ગામ મવડી, નાના મવા, રેયા, વાવડી, કોઠારિયા, મોટા મવા, મુંજકા, ઘંટેશ્વર તથા માધાપર વિસ્તારની રૂડા દ્વારા તૈયાર કરાયેલ ૨૫ નગર રચના યોજનાઓ મળી, કુલ ૫૭ નગર રચના યોજનાઓ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકાનો સમાવેશ રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી વિસ્તારમાં થાય છે. તે ધ્યાને લેતાં, ધી ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ- ૧૯૭૬ની ધારાકીય જોગવાઈ મુજબ અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી વિસ્તાર માટે યોજનાઓ બનાવવાની સત્તા ડેવલપમેન્ટ ઓથોરીટી (રૂડા)ને છે. પરંતુ, સરકારશ્રીના તા.૦૧/૦૬/૧૯૭૮ના હુકમ ક્રમાંકઃયુ.ડી.નં.૧૦૭૬/૫૮૭/ક્યુ-૨ અને તે અન્વયેના રૂડા કચેરીના તા.૨૨/૦૨/૧૯૭૮ના ઠ.ગ.નં.૩ થી રાજકોટ મહાનગરપાલિકા વિસ્તાર માટે નગર રચના યોજનાઓ બનાવવાની સત્તા રાજકોટ મહાનગરપાલિકાને તબદીલ કરાયેલ છે.

રાજકોટ શહેરની દક્ષિણ-પૂર્વ હદ તરફે મવડી વિસ્તારમાં રાજકોટ અર્બન ડેવલોપમેન્ટ ઓથોરીટીની મંજુર વિકાસ યોજના- ૨૦૩૧માં સદર વિસ્તાર ‘‘રહેણાંક’’ ઝોન સૂચવવામાં આવેલ છે. જે વિકાસશીલ વિસ્તાર હોઇ, સદરહું નગર રચના યોજના નં.૩૫(મવડી) બનાવવી આવશ્યક છે. તેનું અંદાજીત ક્ષેત્રફળ હેકટર ૧૫,૩૮,૬૧૯ ચો.મી.(૧૫૩.૮૬ હેક્ટર) થાય છે અને તેની ચર્તુઃસીમા નીચે મુજબ છેઃ

ઉત્તરેઃ- આખરી નગર રચના યોજના નં.૨૭(મવડી) તથા ૨૮(મવડી)ની હદ તથા સૂચિત મુ.ન.ર.યો.નં.૩૪(મવડી)ની હદ આવેલ છે.
દક્ષિણેઃ- રૂડા વિસ્તારના પાળ ગામનો સીમાડો આવેલ છે.
પૂર્વેઃ- સૂચિત મુ.ન.ર.યો.નં.૩૬ (મવડી) ની હદ આવેલ છે.
પશ્ચિમેઃ- સૂચિત મુ.ન.ર.યો.નં.૩૪(મવડી) ની હદ તથા રૂડા વિસ્તારના પાળ અને જશવંતપુર ગામનો સીમાડો આવેલ છે.

અધિનિયમની કલમ-૪૧(૧) મુજબ નગર રચના યોજના બનાવતા પહેલા મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજયનો પરામર્શ મેળવવો જરૂરી હોઇ, સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં ૩૫(મવડી) બનાવવા માટે મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ/મંજૂરી માંગવામાં આવતા તેમના પત્ર ક્રમાંક નરયો/નં.૩૫(મવડી)/ કલમ- ૪૧(૧)/ પરામર્શ સૌ.૧૦૦૨ તા.૧૯/૦૩/૨૦૨૨ થી પરામર્શ આપવામાં આવેલ છે.

મુખ્ય નગર નિયોજકશ્રીનો પરામર્શ મળી ગયેલ હોઇ, નવી મુસદ્દારૂપ નગર રચના નં ૩૫ (મવડી) બનાવવા માટે અધિનિયમની કલમ-૪૧ મુજબ જરૂરી ઇરાદો જાહેર કરવા તેમજ તેને આનુસાંગિક જાહેર પ્રસિધ્ધ તથા અધિનિયમની જોગવાઈ મુજબની આગળની તમામ કાર્યવાહી કરવા માટે કમિશનરશ્રીને અધિકૃત કરવા અંગે, જરૂરી ઠરાવ અર્થે, કમિશનરશ્રીએ પ્લાનિંગ કમિટી મારફત સામાન્ય સભા સમક્ષ દરખાસ્ત રજુ કરેલ છે.

ઉપરોકત વિગતે રાજકોટ મહાનગરપાલિકાની નવી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૫(મવડી) બનાવવા માટે ધારાકીય જોગવાઈ હેઠળનો ઈરાદો જાહેર કરવા તેમજ તેને આનુસાંગિક જાહેર પ્રસિધ્ધ તથા અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળની આગળની તમામ કાર્યવાહી કરવા માટે કમિશનરશ્રીને અધિકૃત કરવા અંગે, જરૂરી ઠરાવ અર્થે, કમિશનરશ્રીએ પ્લાનિંગ કમિટી મારફત સામાન્ય સભા સમક્ષ દરખારત રજુ કરેલ છે.

કમિશનરશ્રીની ઉપરોક્ત ઉપરોક્ત દરખાસ્તને અનુમોદન આપી, પ્લા.ક.ઠ.નં.૦૩ તા.૦૮/૦૭/૨૦૨૨ અન્વયે, રાજકોટ મહાનગરપાલિકાની નવી મુસદ્દારૂપ નગર રચના યોજના નં ૩૫(મવડી) બનાવવા માટે ધારાકીય જોગવાઈ હેઠળનો ઈરાદો જાહેર કરવા તેમજ તેને આનુસાંગિક જાહેર પ્રસિધ્ધિ તથા અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળની આગળની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીને અધિકૃત કરવા, ઘટિત નિર્ણય અર્થે, સામાન્ય સભાને ભલામણ કરેલ છે.

કમિશનરશ્રીનો ઉપરોક્ત રિપોર્ટ તથા તે પરત્વેનો પ્લા.ક.ઠ.નં.૦૩ તા. ૦૮/૦૭/૨૦૨૨ લક્ષમાં લેતા, રાજકોટ મહાનગરપાલિકાની નવી મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૩૫(મવડી) બનાવવા માટે ધારાકીય જોગવાઈ હેઠળનો ઈરાદો જાહેર કરવા તેમજ તેને આનુસાંગિક જાહેર પ્રસિધ્ધ તથા અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળની આગળની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુનિસિપલ કમિશનરશ્રીને અધિકૃત કરવાનું મંજુર કરવામાં આવે છે.

દ.મુ. (સહી) વિનોદભાઈ સોરઠીયા
ટે.આ.(સહી) નરેન્દ્ર ડવ

સર્વાનુમતે મંજુર
(સહી)ડો. પ્રદિપ આર. ડવ
મેયર
રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન

# જસદણની ટિકિટ માટે ખેંચતાણમાં નવો વળાંક...

# કુંવરજી બાવળિયાનો ઓડિયો વાયરલ થતાં ભાજપમાં ખળભળાટ



જસદણ વિધાનસભા બેઠક પર ભાજપના ઉમેદવારને લઇને રસાકસી





## ટિકીટ માટે બાવળિયાનો રસ્તો સાફ??

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇને તમામ રાજકીય પાર્ટીઓ તૈયારીમાં વ્યસ્ત બની છે. તો ક્યાંક પાર્ટીમાં સભ્યોની નારાજગી પણ સામે આવી રહી છે. ત્યારે જસદણ વિધાનસભાને લઇને કંઇક નવા જૂનીના સંકેત વર્તાયા છે. કોળી સમાજમાં હાલ બે ફાંટા પડી ગયા છે. કુંવરજી બાવળિયા અને ભરત બોઘરા એમ બે જૂથ પડી ગયા છે. આ વચ્ચે કુંવરજી બાવળિયાની એક ઓડિયો ક્લિપ વાયરલ થઇ છે. જેમાં તેઓ જણાવી રહ્યા છે કે, ભરત બોઘરાને ટિકિટ નથી મળવાની. અથવા તો ટિકિટ નથી માંગવાના. આ ઓડિયો ક્લિપને લઇને રાજકારણમાં ગરમાવો આવ્યો છે. જસદણ વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર કોણ હશે તેને લઇને રસાકસી જોવા મળી રહી છે. કુંવરજી બાવળિયાનો ઓડિયો વાયરલ થયો છે જેમાં કહેવામાં આવ્યું છે કે, બોઘરા સાહેબે ટિકિટ માંગવાની નથી. બુથની કામગીરીને લઇને તેઓ જણાવી રહ્યા હતા ૧૦-૧૫ ટકા જ બુથનું કામ બાકી છે. ત્યારે સિટીંગ એમએલએ તરીકે પૂર્વમંત્રી કુંવરજી બાવળિયાનો દાવો આ ઓડિયો ક્લિપથી સાબિત થઇ રહ્યો છે કે ભરત બોઘરા હવે ટિકિટ નહીં માંગે. આ ઓડિયો ક્લિપ સી.આર પાટીલ રાજકોટની મુલાકાતે આવ્યા તે પછીની છે. ઉલ્લેખનીય છે કે, જસદણ વિધાનસભા બેઠક પર ડો. ભરત બોઘરા અને કુંવરજી બાવળિયાનું નામ સંભવિત ઉમેદવારોમાં છે. સી.આર પાટીલ જ્યારે રાજકોટ આવ્યા તે પછીની આ આંતરિક વાત હતી પરંતુ ઓડિયો ક્લિપ વાયરલ થતાં કુંવરજી બાવળિયા જ જસદણના ઉમેદવાર હશે તેવુ દેખાઇ રહ્યું છે. રાજકોટ જિલ્લાની હાઈપ્રોફાઈલ સીટ તરીકે ગણાતી જસદણ બેઠક પર વર્ષોથી બોઘરા અને બાવળિયા વચ્ચે કોલ્ડ વોર ચાલી રહ્યું છે. ગુરૂ-ચેલા તરીકે જાણીતી જોડીમાં ચેલા હવે ગુરૂ પર ભારે પડી રહ્યા છે પરંતુ તાજેતરમાં ગોંડલમાં પેજ સમિતિના સભ્યોના કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલે કુંવરજી બાવળિયાની

(અનુ.પાના નં.૪ ઉપર)

# પડતર પ્રશ્નો ન ઉકેલાતા ગુજરાત રાજ્ય તલાટી મંત્રી મહામંડળનું લડતનું એલાન

## મંગળવારથી અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતરશે




રાજકોટ તા. ૨૮

ગુજરાત રાજ્ય તલાટી મંત્રી મહામંડળ દ્વારા તા. ૨ ઓગષ્ટથી પંચાયતના તલાટીઓની રાજ્યવ્યાપી હડતાલનું એલાન કરવામાં આવ્યું છે. ફીકસ પગારની સળંગ નોકરી ગણવી, સર્કલ ઇન્સ્પેકટરની જગ્યાઓને વિસ્તરણ અધિકારીની જગ્યામાં અપગ્રેડ કરીને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવો, મહેસુલ અને પંચાયત તલાટીનો અલગ જોબ ચાર્ટ કરવો, પંચાયત વિભાગ સિવાયની અન્ય કામગીરી તલાટીને ન સોંપવા વગેરે માંગણીઓનો સમાવેશ થાય છે.

રાજ્ય તલાટી મંડળના પ્રમુખ પંકજ મોદી અને ઉપપ્રમુખ ચિરાગ ગેરૈયા જણાવે છે કે, વર્ષોથી તલાટી મંત્રી કેડરને થતાં અન્યાય તથા તલાટી મંત્રી સંવર્ગની થતી સતત અવગણનાથી રાજ્યના તમામ તલાટી મંત્રીઓ હતાશાની લાગણી અનુભવી રહ્યા છે અને આ બાબતે નવી સરકાર બનતા ૫-૧૦-૨૦૨૧ના રોજ પંચાયત મંત્રી બ્રિજેશભાઇ મેરજા, નાણામંત્રી તથા કૃષિ મંત્રી, મહેસુલ મંત્રી તથા સી.આર.પાટીલ વગેરે જોડે મિટિંગ કરાવી અમારા પ્રશ્નોનું તાત્કાલિક નિકાલ આવે તેવું કહેવામાં આવેલ પરંતુ નવી સરકાર બન્યા બાદ આજે નવ મહિનાનો સમય થયો હોવા છતાં એક પણ પ્રશ્નનો તલાટી કમ મંત્રીઓને આજની તારીખમાં લાભ મળેલ નથી.

જેથી આ તમામ માંગણીઓનું સકારાત્મક નિવારણ લાવી તલાટી મંત્રીઓનો આત્મવિશ્વાસ વધે તેમ કરવા અનુરોધ છે અને વધુ ગુજરાત રાજ્ય તલાટી મહામંડળની કારોબારી તા. ૯-૭ના રોજ શનિવારે કારોબારી સભામાં નક્કી કરવામાં આવ્યું કે, અમારા પ્રશ્નોનું તા.૧-૮ સુધીમાં આ પ્રશ્નોનો નિકાલ નહીં આવે તો તા. ૨-૮ના રોજ ગુજરાત રાજ્ય તલાટી મહામંડળ અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતરશે. આ અંગે મુખ્યમંત્રીને પત્ર પાઠવાયેલ છે.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
શ્રદ્ધાંજલિ
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
-ઃશ્રધ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426


# રાજકોટ સિટીબસમાં જોખમી સવારીઃ કોઈ દુર્ઘટના સર્જાય તો જવાબદાર કોણ?



## વિદ્યાર્થીઓ બસના બારણા પાસે ટીંગાઈને મુસાફરી કરવા મજબુર!

## આજે સવારે નિલંકઠ ટોકીઝ પાસે ચાલુ સિટી બસમાંથી એક મહિલા પડી ગયા, સદભાગે કોઇ ઈજા નહીંઃ તંત્ર ક્યારે જાગશે??

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૨૮

શહેરમાં અવાર નવાર સિટી બસની બેદરકારી સામે આવતી હોય છે. ક્યારેક બસ ચાલકોની તો ક્યારેક મુસાફરોની પણ ત્યારે આવી વધુ એક ઘટના સામે આવી છે. રાજકોટ મનપાની સિટી બસમાં મુસાફરો જીવના જોખમે મુસાફરી કરી રહ્યા છે. આવી ઘટનાઓ અનેક વાર સામે આવતી હોય છે. આમ છતાં પણ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં નથી આવતી. સિટી બસમાં લોકો દરવાજા પર લટકીને મુસાફરી કરી રહ્યા છે. જેને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા છે. સિટી બસમાં કોઈ દુર્ઘટના સર્જાય તો તે જવાબદારી કોની? આ એક વાર નહીં, પરંતુ વારંવાર આવી ઘટનાઓ સામે આવતી જ રહે છે. તેમ છતાં પણ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. જેને લઈને રોષની લાગણી જોવા મળી રહી છે.રાજકોટ શહેરમાં લોકોને ટ્રાન્સપોર્ટેશન સુવિધા મળી રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સિટી બસ સેવા કાર્યરત કરવામાં આવી છે. આ સિટી બસ સેવાનો ઉપયોગ સૌથી વધુ વિદ્યાર્થીઓ અને સિનિયર સિટીઝન દ્વારા કરવામાં આવતો હોય છે. આજે સવારના સમયે રાજકોટના નીલકંઠ ટોકીઝ પાસે ૨૬ નંબરની બસમાં ચાલુ બસે એક મહિલા પડી ગયા હતા અને મામલો ગરમાયો હતો. સદનસીબે મહિલાને કોઇ ઇજા થઇ ન હતી. થોડી વખત માથાકુટ ચાલ્યા બાદ બધું થાડે પાડી દેવામાં આવ્યું હતું પરંતુ આવું ક્યાં સુધી ચાલશે તે લોકોમાં પ્રશ્ન સર્જાયો છે. બસમાં કેપેસિટી કરતા વધુ મુસાફરો બેસાડાય છે અને વિદ્યાર્થીઓ પોતાની બેગ સાથે દરવાજા પર લટકતા અનેક વખત જોવા મળતા હોય છે. આકસ્મિક બનાવ બને અને દરવાજે લટકતા મુસાફરોનો જીવ જોખમાય તો જવાબદાર કોણ? તે સૌથી મોટો સવાલ લોકોમાં ઉઠ્યો છે.રાજકોટ મહાનગરપાલિકાની ઘોર બેદરકારી સામે આવી છે અને સિટી બસના કોન્ટ્રાક્ટર સામે મનપાની કોઈ પકડ ન હોય તેવું સ્પષ્ટ લાગી રહ્યું છે. લોકોની માંગ છે કે, આવા કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ તુરંત કાર્યવાહી કરવામાં આવે, વારંવાર કોઈને કોઈ રીતે રાજકોટની સિટી બસ સેવા વિવાદોમાં આવતી હોય છે. ક્યારેક નિયમોના ઉલાળ્યા તો ક્યારેક ડ્રાઈવર-કંડક્ટરની દાદાગીરી સામે આવતી હોય છે. ત્યારે રાજકોટ મનપા તંત્ર જાગૃત થઇ લોકોને સારી ટ્રાન્સપોર્ટેશનની સેવા પુરી આપી શકશે તે જોવું મહત્વનું રહેશે.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426


# રાજકોટ ભાજપના નેતાના પુત્ર સહિત ચાર યુવાનો ડ્રગ્સ સાથે ઝબ્બે



મલાતજથી ડભોઇ જવાના રોડે વોચ ગોઠવી બાતમીને આધારે નીકળેલી રાજકોટ પાર્સિંગની કાર અટકાવી રાજકોટના સામાકાંઠે રહેતા ચારેય શખ્સોને રૂ.૧.૯૬ લાખના ડ્રગ્સ સાથે ઝડપી લીધા

## ડ્રગ્સ કોણે આપ્યું?ક્યાં લઈ જતા હતા?તમામ મુદ્દાઓ સાથે આજે સાંજે પાંચ દિવસના રિમાન્ડ માટે ચારેયને કોર્ટમાં રજૂ કરવામાં આવશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૮ :

આણંદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા સોજિત્રા પંથકમાં પેટ્રોલિંગ દરમિયાન પેટલાદ વિસ્તારમાં મલાતજ થી ડભોઇ જવાના રસ્તે નાયરા પેટ્રોલ પંપ પાસે એક શંકાસ્પદ રીતે રાજકોટ પાર્સીંગની વોક્સ વેગનકાર ઉભી હોવાની બાતમીને આધારે તપાસ કરતા ગાડીમાં પ્રતિબંધિત એમડીએમએ પાર્ટી ડ્રગ્સ પકડી પાડ્યું હતું.આ સંદર્ભે પોલીસે ગાડીમાં સવાર રાજકોટ તાલુકા ભાજપના મંત્રીના પુત્ર સહિત ચાર શખ્સોની અટક કરી તેમના પાંચ દિવસના રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર,આણંદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પોલીસ ઇન્સ્પેક્ટર જી.એન. પરમાર,પેટલાદ સર્કલ પોલીસ ઇન્સ્પેક્ટર એસ.બી.મોડિયા,સોજીત્રા પોલીસ મથકના પીએસઆઈ એ.પી.પરમાર,અરવિંદ ભાઈ સોજીત્રા,નરસીભાઈ અને ભાવિકસિંહ સહિતની ટીમ પેટ્રોલિંગમાં હતાં તે દરમિયાન બાતમી મળી હતી કે,સોજિત્રાના મલાતજથી ડભોઉ જવાના રસ્તે આવેલા એક પેટ્રોલપંપ પાસેથી એક વોક્સ વેગન વેન્ટો નીકળવાની હોય જેના નંબર જીજે ૦૩ એલબી ૦૦૩૪ છે.

જેથી પોલીસની ટીમે વોચ ગોઠવી ગાડીને ઉભી રખાવી.જેમાંથી ડ્રાઇવર શીટ પર બેસેલા શખ્સની પૂછપરછ કરતા પોતે પોતાનું નામ તુષાર ઉર્ફે ભુરો જીવરાજ સાંગાણી(રહે.મોરબી રોડ જકાત નાકા રામાણી પાર્ક સોસાયટી શેરી.૨)હોવાનું જણાવ્યું હતું તેમજ તેની સાથેના તેઓના મિત્રો રોહન શૈલેશભાઈ વસોયા(રહે.કુવાડવા રોડ,ડી માર્ટ ૮૦ ફૂટ રોડ શ્રી બંગલોઝ ઘર નં.૫ રાજકોટ),મોહિત ઉર્ફે ટકો હંસરાજભાઈ પરસાણા(રહે.મોરબી રોડ મધુવન પાર્ક શેરી.૨) અને રોહન સુરેશભાઈ રૈયાણી(રહે.કુવાડવા રોડ,ગ્રીન લેન્ડ ચોકડી ઠાકોર દ્વાર સોસાયટી) હોવાનું જણાવ્યું હતું.

મામલતદાર સમક્ષ ચારેય શખ્સોની ઝડતી લેતા તેઓ પાસેથી એમડીએમએ,મેથા એમફેટામાઇન, એમ્ફેટામાઇન ડેરીવેટીવ્સ ડ્રગ્સ મળી આવ્યું હતું.તેમાં ચાર શખ્સ પાસેથી અલગ અલગ પ્રમાણમાં એમડીએમએ પાર્ટી ડ્રગ્સ ૧૯.૬૮૦ ગ્રામ જેટલું મળી આવ્યું હતું.જેની કિંમત અંદાજે રૂ.૧,૯૬,૮૦૦ થાય છે.આ ગાડીમાં સવાર ચાર શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. સોજિત્રા પોલીસ મથકે ચારેય સામે એનડીપીએસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ માટે પાંચેક દિવસના રિમાન્ડ મેળવવા સમગ્ર તપાસ પેટલાદ પોલીસને સોંપવામાં આવી છે.આ ગુન્હામાં ડ્રગ્સ, મોબાઇલ, કાર સહિત કુલ રૂ.૫,૨૨,૮૦૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. આ બનાવમાં પકડાયેલા રોહન રૈયાણીના પિતા સુરેશભાઈ રૈયાણી હાલ રાજકોટ તાલુકા ભાજપ મંત્રી હોવાનું જાણવા મળી રહ્યું છે.

### અમદાવાદથી ડ્રગ્સ લઈ આવ્યા હોવાની કબુલાત

ડ્રગ્સ સાથે ઝડપાયેલા રાજકોટ તાલુકા ભાજપ મંત્રીના પુત્ર અને તેઓના મિત્રોની પૂછપરછ કરતા ચારેય અમદાવાદના નારોલ પાસેથી ડ્રગ્સ લઈ આવ્યા હોવાની કબુલાત આપી હતી તેમજ આ ડ્રગ્સના બંધાણી છે કે કેમ?એ અંગે હાલ ચારેયના બ્લડ ટેસ્ટ કરવામાં આવશે. તેમજ પાંચ દિવસના રિમાન્ડ માટે આજે સાંજે કોવિડ રિપોર્ટ આવ્યા બાદ કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.